Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdo_prakash@yahoo.co.in

RNI રજી. બાદ વર્ષ : ૧૬ • અંક : ૧ • તા. ૨૯ ડિસેમ્બર ૨૦૧૨ થી ૪ જાન્યુઆરી ૨૦૧૩ • વાર્ષિક લવાજમ ₹ ૫૦ • Regn.No.MH/MR/East/53/2012-14

।। શ્રી અનંતનાથાય નમઃ ।।　　　　।। અચલગચ્છાધિષ્ઠાયિકા શ્રી મહાકાલી દૈવ્યે નમઃ ।।

## સૂરિગુણ જન્મ શતાબ્દિ વર્ષે... પ્રવજ્યાનાં પંથે પ્રયાણ કરતી,
## કુ. દિશા જયચંદ લોડાયાની દિક્ષા પ્રસંગે
## સમસ્ત જ્ઞાતિને હાર્દિક નિમંત્રણ



### *દીક્ષાનો છે પ્રેમલ પ્રસંગ... આમંત્રણ આપતા હૈયે છે ઉમંગ...*

જિનશાસનનુરાગી, સુજ્ઞ સાધર્મિક બંધુઓ... સાદર જયજિનેન્દ્ર,

અંતરનાં અહોભાવે અને ઉરના ઉલ્લાસ સાથે અનંતનાથદાદાની અસીમ કરૂણાધારા, સૂરિત્રયની અથાગ કૃપાથી આજ અમ હૈયામાં હર્ષનાં હિલોડા ઉમટ્યા છે. અમારા પરિવારની કુલદિપીકા.... **મુમુક્ષુ કુ. દિશા** માતા-પિતાની મમતા મૂકી, વીરાનું વાત્સલ્ય-વિસારી પૂ. ગુરૂદેવોનાં સત્સંગે, વીરની વાટે વિહરવા આતુર બની છે ત્યારે એના ભવ્ય પુરુષાર્થના સોનેરી સત્વને વધાવી... ***"જા સંયમપંથે દીક્ષાર્થી, તારો પંથ સદા ઉજમાળ બને"*** એ ભાવના સાથે સહર્ષ અનુમતિ આપેલ છે.

અમારી લાડલી દિકરીનાં પ્રવજ્યાના પાવન પ્રસંગની પમરાટ લેવા તેમજ તેને મનનાં મોતીઓથી વધાવવા સમસ્ત **શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિજનો**ને તથા **કોઠારા સમસ્ત ગામવાસીઓ**ને અમે હાર્દિક આમંત્રણ આપીએ છીએ.

અમારી વહાલી સુપુત્રીને અંતરના આશીષ અર્પવા આપ સૌ અવશ્ય પધારજો. જેથી સમસ્ત જ્ઞાતિમૈયાના આશિષે શુભેચ્છાએ એની સંયમયાત્રા સફળ બને; સાર્થક બને અને જ્વલંત સિધ્ધિને વરે...

~ નિમંત્રક ~

| | | |
|---|---|---|
| દાદા-દાદી | : | માતુશ્રી તારાબેન હીરજી કરમશી લોડાયા (કોઠારા) |
| માતા-પિતા | : | દમયંતી જયચંદ લોડાયા |
| ફઈ-ફુઆ | : | અરૂણા શૈલેશ લોડાયા |
| નાના-નાની | : | માતુશ્રી લીલાવંતી શામજી કેશવજી નાગડા (નલિયા) |
| મામા-મામી | : | અરૂણા નીલેશ નાગડા • દીપીકા શૈલેશ નાગડા |
| મામા-માસી | : | વિજયા મહેન્દ્ર પોલડિયા |
| ભાઈ-બહેન | : | સ્મિત, ધ્વનિ, ખુશ, વૈભવી, એકતા, અંકીતા અને સમીર |

# IN LOVING MEMORY OF OUR DEAR DHANU



## Shri Dharnendra Ramesh Lodaya

(DoB : 06/08/79 • DoD: 17/12/12)

***Death leaves a heartache, noone can heal,***
***love leaves a memory, no one can steal...***

**Ms. Khamavanti Ramesh Lalji Lodaya** (Mother)

**Ms. Deepali Dharnendra Ramesh Lodaya** (Wife)

**Ms. Yogita Dharnendra Ramesh Lodaya** (Daughter)

**Mrs. Rakhi Vikram Hirachand Momaya** (Sister)

**Mrs. Alpa Gautam Laxichand Dharmshi** (Sister)

**Mrs. Archana Rajesh Narayanji Motta** (Sister)

**Shah Lalji Khimji Lodaya (Lalji Bhojraj Luthia) Pariwar** (Raydhanjar)

**Mr. Narendra Lalji Lodaya** (Coimbatore)•**Dr. Jayanti Kishore Lalka** (Mulund)

**Mrs. Lalitha Akshay Lodaya** (Bangalore)•**Mrs. Saranya Vipul Lalka** (Canada)

**Shah Umersi Damji Lodaya Pariwar** (Karanja)•**Sv.Daksha Praful Narshi Momaya**(Hubli)

**Mr. Vijay Umarsi Lodaya** (Karanja)•**Mrs.Chetna Narendra Narshi Momaya**(Hubli)

**Mrs. Jaya Kantilal Devshi Vikamsey**(Ghatkopar)•**Mrs.Urvashi Binoy Narendra Momaya**(Hubl)i

**Mrs. Nikita Bijoy Narendra Momaya** (Hubli)

**Mr. Rahul IPraful Narshi Momaya** (Hubli)

**આદ્યતંત્રીઓ**
**"પ્રકાશ"**
ડો. વેલજી પાશ્વીર ગોસર
**"સમીક્ષા"**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**"પ્રકાશ સમીક્ષા"**
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
**: સહતંત્રી :**
ચંપક જીવાણી – 09820808077

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
ચંપક રાયચંદ જીવાણી
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા

**અંક નં. 01 / 2013**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri. R. R. Nagda,**
**29/41, Tamarind Lane,**
**Behind Poornima Restaurant,**
**Rajabahadur Comp,**
**Nr.Stock Exchange Bldg,**
**Fort, Mumbai - 400 001.**
**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

**ચાલુ અંક માટે મેટર સ્વીકાર માત્ર મંગળવાર સુધી**

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર...**
www.prakashsamiksha.com
E-mail:kdo_prakash@yahoo.co.in

નોંધ: આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઈ જવાબદારી નથી.

## પ્રેરણા પ્રકાશ : 'આપણા હાથની વાત'

અમેરિકાની બે વિશ્વવિખ્યાત યુનિવર્સિટીઓ વિશેની આ વાત છે.

એક મહિલા અને એમના પતિ ટ્રેનમાં એક સવારે બોસ્ટન આવ્યાં.. મહિલાએ રંગ ઊડી ગયેલા સુતરાઉ કાપડનો જૂનો લાગે એવો ડ્રેસ પહેર્યો હતો.. એમના પતિએ જાડા કાપડનો જૂનો થઈ ગયેલો સૂટ પહેર્યો હતો..

હાર્વર્ડ યુનિવર્સિટીના અધ્યક્ષને મળવા આ પતિ-પત્ની બોસ્ટન આવ્યાં હતાં. એમણે મળવા માટે અગાઉથી એપોઈન્ટમેન્ટ લીધી ન હતી એટલે સંકોચ સાથે એમની ઓફિસમાં પ્રવેશ્યાં. આ દંપતીનો પહેરવેશ જોઈને અધ્યક્ષના સેક્રેટરીને થયું કે આવાં ગમાર ગામડિયાં અહીં ક્યાંથી આવ્યાં? એનાં ભવાં ચડી ગયાં.. સેક્રેટરીનું આવું વલણ જોઈ બન્ને ડઘાઈ ગયાં અને થોડા ગભરાઈ પણ ગયાં.. પણ પતિએ હિંમત એકઠી કરી મૃદુસ્વરે કહ્યું : "અમારે અધ્યક્ષને મળવું છે."

"એ તો આખો દિવસ બહુ કામમાં છે." સેક્રેટરીએ કહ્યું. "જેટલી રાહ જોવી પડે તેટલી રાહ જોવા અમે તૈયાર છીએ.." પત્નીએ કહ્યું.

ધીરજપૂર્વક કલાકો સુધી એ બન્ને બેસી રહ્યાં.. આ સમય દરમિયાન સેક્રેટરીએ એમના તરફ કાંઈ ધ્યાન આપ્યું નહીં.. આખરે કંટાળીને નિરાશ થઈ એ ચાલ્યાં જશે એવા ખ્યાલથી સેક્રેટરીએ એમની ઉપેક્ષા કરી, પણ એ પતિ-પત્ની તો ધીરજથી બેસી જ રહ્યાં એટલે સેક્રેટરીએ નાછૂટકે અધ્યક્ષને ડિસ્ટર્બ કરવાનું નક્કી કર્યું. આવું કોઈવાર કરવું પડતું હોવા છતાં સેક્રેટરીને આમ કરવું ગમતું નહીં.

સેક્રેટરીએ અંદર જઈને અધ્યક્ષને કહ્યું : "એક દંપતી આપને મળવા ઇચ્છે છે. આપનો વધારે વખત નહીં લે, મળીને થોડીકવારમાં જ જતાં રહેશે."

અધ્યક્ષે કંટાળાભર્યા ભાવે ઈશારાથી હા પાડી.. આમ તો આવા લોકોને મળવાનો યુનિવર્સિટીના અધ્યક્ષને સમય હોતો નથી.. વળી લઘરવઘર કપડાં પહેરેલાં લોકો પ્રત્યે એમને ખાસ અણગમો હતો..

પતિ-પત્ની અંદર આવ્યાં ત્યારે અધ્યક્ષે શિષ્ટાચાર ખાતર ઊભા થઈને એમને આવકાર્યા.. પણ હોદ્દાની કડકાઈ એમના ચહેરા પર દેખાતી હતી..

પત્નીએ વાત શરૂ કરી "અમારો દીકરો અહીં હાર્વર્ડમાં એક વરસ ભણ્યો હતો.. અને આ યુનિવર્સિટી પ્રત્યે બહુ પ્રેમ હતો.. અહીં ભણવું એને બહુ ગમતું હતું, પણ એકાદ વરસ અગાઉ અકસ્માતમાં એનું અવસાન થયું. એના પપ્પા અને હું અહીં કેમ્પસ પર એનું સ્મારક ઉભું કરવા ઇચ્છીએ છીએ.."

અધ્યક્ષે કહ્યું "મેડમ, અહીં હાર્વર્ડમાં ભણી ગયેલા અને પછી મૃત્યુ પામેલા દરેક જણની પ્રતિમા અહીં મૂકી શકીએ નહીં.. આમ કરીએ તો તો અહીં કબ્રસ્તાન જ ઉભું થઈ જાય.."

આ સાંભળી મહિલાએ સ્પષ્ટતા કરવા તરત કહ્યું : "અરે, ના, ના, અમારે અમારા દીકરાનું પૂતળું અહીં નથી મૂકવું, અમે તો એની સ્મૃતિમાં એક મકાન બંધાવી આપવા ઇચ્છીએ છીએ.."

અધ્યક્ષે આંખ ઊંચી કરી આ દંપતીના પહેરવેશ પર નજર નાખી અને આશ્ચર્ય વ્યક્ત કરતાં કહ્યું : "એક મકાન બાંધી આપવાની વાત તમે કરો છો પણ એક મકાન બાંધવામાં કેટલો ખર્ચ થાય તેની તમને કાંઈ ગતાગમ છે ખરી? અહીં તમે જે મકાન જુઓ છો તે બાંધવામાં એકાદ કરોડ ડોલર જેટલો ખર્ચ થયો છે."

આ સાંભળી એ મહિલા એકાદ ક્ષણ કાંઈ બોલી નહીં એટલે અધ્યક્ષને થયું કે ચાલો, બલા ટળી. પછી એ મહિલાએ એના પતિ તરફ જોઈને હળવેકથી કહ્યું કે એક યુનિવર્સિટી ઉભી કરવામાં આટલો જ ખર્ચ થાય! તોપછી આપણે આપણી એક આખી યુનિવર્સિટી જ કેમ ઉભી ન કરીએ?

પતિએ હકારમાં માથું હલાવ્યું.

આ સાંભળી અધ્યક્ષનું મોઢું પડી ગયું અને તે વિચારમાં પડી ગયા.

તે પછી તરત શ્રી અને શ્રીમતી લિલેન્ડ સ્ટેન્ફર્ડ ઊભાં થઈ ચાલવા માંડ્યાં. ત્યારબાદ તેઓ સીધા કેલિફોર્નિયાના પાલો આલ્ટો ગયાં અને ત્યાં એક યુનિવર્સિટી ઊભી કરી.

એમના દીકરાની સ્મૃતિમાં ઊભી કરાયેલી આ સ્ટેન્ફર્ડ યુનિવર્સિટી આજે ઘણાં ક્ષેત્રોમાં વિશ્વભરમાં અજોડ ગણાય છે. માણસના પહેરવેશ જેવી બાબતના પૂર્વગ્રહને કારણે હાર્વર્ડના અધ્યક્ષે માણસને પારખવામાં ભૂલ કરી તેથી હાર્વર્ડ યુનિવર્સિટીએ કેવી અનોખી તક ગુમાવી!

*(સંકલિત)*

*- શાંતિલાલ ડગલી*


**VACANCY ! VACANCY ! VACANCY !**

An International Shipping, Freight Forwarding & Logistics Company based in central suburb of Mumbai, is expanding its operations and thus hiring for Position:

**Accounts Assistant:** Candidate must

• Have fair knowledge of day to day accounting.

• Proficient in preparing Bank Reconciliation statement and in handling day to day Banking activities. **Desired Experience:** 1-3 years

Kindly send in your updated resumes & a scanned passport sized photograph on the

**E- mail ID: hrm_logistics@yahoo.in**

**K. Dixit**

રીયલ ડાયમંડ જ્વેલરી

**કૌશિક રાયચંદ શાહ (પટેલ)**

(સાંધાણ - ઘાટકોપર)

**98204 57676**





**વરાડીયા-મોમાયા પરિવાર**
**મોમાઈ માતાની સમુહ પહેડી પ્રસંગે**

**આમંત્રણ**

સહર્ષ જણાવવાનું કે માતાજીની અસીમ કૃપાથી શનિવાર **તા.૨૬-૧-૨૦૧૩**ના મોમાઈ માતાની સમુહ પહેડી યોજી છે. આ પ્રસંગે **વરાડીયા**ના સર્વે **મોમાયા** ભાવિકો તથા નીયાણીબહેનોને સહકુટુંબ લાભ લેવા ભાવભર્યુ આમંત્રણ છે.

**પહેડી : તા.૨૬-૧-૧૩ સવારે ૯.૦૦ કલાકે**

**-: શુભ સ્થળ :-**

**શેઠ નરશી નાથા સભાગૃહ**

**અનંતસિધ્ધી, ભાંડુપ (વેસ્ટ), મુંબઈ-૭૮.**

**સંપર્ક : કુમારપાળ પાસુભાઈ મોમાયા**

**મો.09821964461**


**પ્રથમ પુણ્યતિથીએ ભાવપૂર્ણ શ્રધ્ધાંજલિ**



**સ્વ. રમેશ નથુભાઈ લાપસીયા**

(રંગપૂર-મલાડ)

અરીહંતશરણ ૩૦-૧૨-૨૦૧૧

પ્રાર્થીએ સુખમય બને આપની મોક્ષની સફર...

**~ શ્રધ્ધાસુમન ~**

પત્ની : **હિનાબેન રમેશ લાપસીયા** (મલાડ)

પુત્રવધુ-પુત્ર : **વૈશાલી સંકેત લાપસીયા** (મલાડ)

એવમ્

**માતુશ્રી સ્વ. બાંયાબાઈ નથુભાઈ લાપસીયા પરિવાર** (મુંબઈ)

**માતુશ્રી સ્વ. સોનબાઈ કુંવરજી ધરમશી પરિવાર** (પાલીતાણા)

।। શ્રી શાંતિનાથાય નમ:।।

# શ્રી કોઠારા કચ્છી દશા ઓશવાળ જૈન જ્ઞાતિ મહાજન

કોઠારા, તા. અબડાસા, જીલ્લો કચ્છ. પીન - ૩૭૦ ૬૪૫.

મુંબઈ ઓફીસ : મેસર્સ કે. એન. અજાણી, ૧૩૭, અબ્દુલ રહેમાન સ્ટ્રીટ, મુંબઈ - ૪૦૦ ૦૦૩.

વિધિપક્ષગચ્છ સંસ્થાપક પ.પૂ.આ.ભ.**શ્રી આર્યરક્ષિતસૂરીશ્વરજી મ.સા.** ની નવમ્ શતાબ્દિ વર્ષે
શાસનસમ્રાટ અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.**શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.** ના જન્મશતાબ્દિ વર્ષે

## શ્રી કોઠારા ગામનું ગૌરવ



## મુમુક્ષુ કુમારી દિશા જયચંદ લોડાયાનો

## વરસીદાનના વરઘોડા તથા બહુમાન પ્રસંગે

**✤ શુભાશિષ - મુહૂર્ત પ્રદાતા ✤**
તપસ્વીરત્ન અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.
**શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.**

**✤ દીક્ષા પ્રદાતા ✤**
સાહિત્યદિવાકર પ.પૂ.આ.ભ.
**શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી**

**✤ મંગલ આશીર્વાદ** : યતિવર્યશ્રી **મોતિસાગરજી મ.સા.**

**✤ જીવન સમર્પણ ✤**

સાધ્વીમુખ્યા **પ.પૂ. નિરંજનાશ્રીજી મ.સા.** ના શિષ્યા શાસનપ્રભાવિકા **પ.પૂ. પુણ્યોદયશ્રીજી મ.સા.** ના શિષ્યા
વ્યવહારકુશલા **પ.પૂ. વિપુલગુણાશ્રીજી મ.સા.**

**✤ દીક્ષા દિન ✤**
પોષ સુદ ૧૨
તા. ૨૩-૧-૨૦૧૩
બુધવાર

**✤ વરસીદાન વરઘોડો ✤**
તા. ૧૩-૧-૧૩, રવિવાર,
સમય ૯.૦૦ કલાકે
**શ્રી અનંતનાથ ૨૪ જિનાલય**
ખારેક બજાર - મસિજદ બંદર

**✤ દીક્ષા સ્થળ ✤**
સુમતિનાથ જૈન દેરાસર
દેરાસર
મુલુંડ (ઈસ્ટ)

શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ દ્વારા તા. ૧૩-૧-૧૩ ને રવિવારના દીક્ષાર્થીનું વરસીદાન ના વરઘોડા તથા બહુમાન ના કાર્યક્રમમાં શ્રી કોઠારા કચ્છી દશા ઓશવાળ જૈન જ્ઞાતિ મહાજનશ્રી તરફથી સાથે બહુમાન કરવામાં આવશે. તો સર્વે ગામવાસિઓને આ પ્રસંગે અવશ્ય પધારવા આમંત્રણ છે.

બહુમાનના કાર્યક્રમમાં સામેલ કરવા બદલ મુંબઈ મહાજનશ્રીના અમો આભારી છીએ.

હોઠ હૈયાથી પ્રગટ્યું એક અનેરૂ ગીત, દશે દિશામાં સંયમ અનુમોદનાનું ગુંજે સંગીત
ચિ. દીશા ની દીક્ષા નીમીત્તે અર્પીએ આશીષ અગણિત.

વરસીદાનના વરઘોડા બાદ મુંબઈ મહાજનશ્રી દ્વારા સાધાર્મિક ભક્તિ રાખવામાં આવેલ છે. સકળ સંઘને લાભ લેવા વિનંતી.

**લી.**
**શ્રી કોઠારા કચ્છી દશા ઓશવાળ જૈન જ્ઞાતિ મહાજન**

UPASANA-9820167767

## ચર્ચાને ચોતરે
વાચકોના સ્વતંત્ર મંતવ્યો

### શોક કોઈએ પાળવો નહીં ?

આજથી ચાર પાંચ દાયકાઓ અગાઉ સ્વજનના મૃત્યુએ શોક (સુગ) પળાતો હોય છે. ત્યારે સ્વજનના મૃત્યુએ વેદના અને વ્યથા જોવા મળતી! હવે થોડાક દુઃખ સાથે અફસોસ સિવાય કંઈ નથી! સુગ રાખતાં સ્વજનો સારા પ્રસંગે જાય નહીં! સારા કપડાં પહેરે નહીં, ખાનગીમાં પણ મિષ્ટાન આરોગે નહીં, અરે, ચા પણ નહીં! બીડી તપકીરનો નશો કરે નહીં, ત્યારે એનું બંધાણ વ્યાપક હતું! માનશો.. હસવાનું પણ વિવેકભાન જળવાય. સુગીયો ચહેરો જોઈ કે જમવામાં મિષ્ટાનની ના કહેતાં સામેથી પૂછાતું “કો ભલા કેંજી સુગ આય”? હવે એવું ઘરવાળા પણ નથી કરતાં તો અન્યોની અપેક્ષા કેટલી?

સમય-સંજોગે સમાજ બદલાઈ ગયો. બદલવું પડયું છે પણ રિવાજ નથી બદલાયો. ત્યારે પ્રશ્ન થાય છે કે હર પ્રાર્થના કે સાદડીએ જાહેરાત કરવામાં આવે છે કે” શોક કોઈએ પાળવો નહીં રાખવો નહીં, સારા કાર્યે જઈ શકો છો.” સારા કામે અટકાવ કરવો નહીં. ભલા, શોક કોઈ પાળતુંજ નથી તો આવી નિરર્થક જાહેરાતનો અર્થ શું? સાથે જાહેરાત લંબાય... “સ્વજનો સાથે દિકરી નિયાણીઓએ સુગ ઉતારવા હાજર રહેવું.”

સુગ કોઈએ પાળી જ નથી તો ઉતારવા કહેવું કે કહેરાવવું કેટલું ઉચિત ગણાય ? અને મૃતકના અવસાને ચા-પાણી એકાદ મીઠાઈ કે ઇંટલીએ સુગ ઉતારવી એ જરા બેહુદું લાગે છે! એમાં મૃત્યુનો ગમ, અયોગ્ય લાગે છે ૯૫% કે વિશેષ મૃત્યુએ આવી જાહેરાત અને વ્યવહાર થાય છે અને નિયાણીઓને રોકડ કવર અપાય ને નિયાણીઓ લઈ પણ લે અને કદાચ કોઈ ભૂલી જાય તો માઠું લગાડે! સાથે દુઃખ પણ વ્યક્ત કરે! ભલા, ઉપરોક્ત લખાણ પ્રમાણે શોક રાખેલો કે?

સ્વજનો અને નિયાણીઓએ શોક પાળવો કે રિવાજ પાળવો એમ કહો તો ભલા કોણ અને કેટલો શોક રાખે છે તે ખબર પડશે.

આપણાં જેવા સુધારક સમાજે આવી નિરર્થક જાહેરાત કે રિવાજ બંધ રાખવા પહેલ કરી સુધારો લાવવો જરૂરી છે.

આવા બીનજરૂરી રિવાજોને ટાણે તિલાંજલી આપવી જરૂરી છે. સાથે સંબંધીઓએ રોકડ કવર લેવા સ્વેચ્છાએ વિનયપૂર્વક અસ્વીકાર કરવો ઇચ્છનીય છે. સમસ્ત મહાજનશ્રીએ આ રિવાજને રદ કરવા પ્રયત્ન કરવો જોઈએ.

*ભાંડુપ ૧૨-૧૨-૧૨* — *લહેરચંદ વેલજી મૈશેરી*

### ૮મા જ્ઞાતિ વસતીપત્રકનું માહિતિપત્રક

વ.પ.નું માહિતિપત્રકના વાંચીને લાગ્યું કે, પોલીસને આપવાની માહિતિનું આ પત્રક તો નથી ને? વ.પ. માટે પ્રાથમિક માહિતિ ઉપરાંત જ્ઞાતિજનના અંગત જીવન અંગેની પણ મંગાવાયેલ માહિતિ., જોકે અમૂક મૂળભૂત માહિતિ સિવાયની અન્ય માહિતિ આપવાનું મરજીયાત છે પણ તે માહિતિ અંગેના પ્રશ્નોથી સ્વભાવિકપણે અચરજ થાય છે.

જ્ઞાતિજનની શૈક્ષણિક માહિતિ વિગતવાર મંગાવવાને બદલે તે બહુજ ટૂંકમાં માંગવામાં આવેલ છે. (જુઓ કલમ B9) જ્ઞાતિના યુવાનોએ શૈક્ષણિક ક્ષેત્રે ઉંચા શિખરો સર કર્યા છે. વિવિધ શાખાઓમાં પ્રાવિણ્ય પ્રાપ્ત કરેલ છે. તેના માટે ખૂબજ નાના કોલમમાં, જેમાં વિગતવાર શિક્ષણની માહિતી ન જ આપી શકાય. વળી કેટલાંક પ્રશ્નો પછવાડે શો આશય છે તે સમજાતું નથી. જેમકે કોલમ Eમાં કુળદેવી અને તેના સ્થાનક અંગેની વિગત, ભલારા દાદા કે ઘણી બાવા કોનામાં તમે માનો છો તેની વિગત, કોલમ Eમાં તમે કેટલા અને કેવા વાહન ધરાવો તેની વિગત, તમે કયા પીરને માનો છો? (અન્યમાં, સાંઈબાબા, હાજી પીર, હાજી મલંગ લખી શકાય?) કલમ Kમાં કુટુંબીજનોના મૃત્યુના મુખ્ય કારણો, કોલમ Gમાં મહાજનના પ્રતિનિધિનું નામ અને સહી, અંગત માહિતિ અંગેના ફોર્મમાં કલમ Fમાં ઉંચાઈ અને વજન, કલમ Qમાં ખોડખાપણ, કલમ Rમાં ધાર્મિક કાર્યો માટે દરરોજ કેટલો સમય આપો છો, સામાજીક કાર્યો માટે દર અઠવાડીયે કેટલો સમય આપો છો. વિ. અંગેના પ્રશ્નો ફોર્મ ભરનારને મુંઝવણમાં મૂકે છે કે એમાં શું સત્ય હકીકત લખવી કે નહી.

હકીકતમાં આ પ્રકારની વિગત ન મંગાવવી જોઈએ કે જે વ્યક્તિ માટે અંગત હોય, જે જાણવામાં અન્યને કંઈ રસ ન હોય, અને સમાજની રીતે એ વિગતથી કઈ અર્થ ન સરતો હોય. કૂળદેવી કે પીર અંગેની જાણકારીનું મહત્વ શું છે? ધાર્મિક કાર્યો કે સામાજીક કાર્યોમાં કેટલો સમય ગાળો છે એ જાણીને તમારે શું કરવું છે?

હળવી રીતે કહીએ તો, કેટલાક અંગત પ્રશ્નો જાણે છૂટી ગયા હોય એમ જણાય છે. દા.ત. ૧. તમારા પગરખાંની સાઈઝ શું છે? તમે બુટ, સેન્ડલ કે ચપ્પલ

વાપરો છો? ૨. તમારી કમરનું માપ કેટલું? તમે પેન્ટ તૈયાર લો છે કે શીવડાવો છો? શર્ટ કઈ બ્રાન્ડનું લો છો? ૩. તમને દાંડીયા રાસનો શોખ છે કે વેસ્ટર્ન ડાન્સનો? ૪. તમે સમાજસેવા સમાજ પ્રત્યેની ફરજ સમજીને કરો છો કે, શોખ ખાતર કે ટાઈમ પાસ એક્ટીવીટી તરીકે? સમાજ સેવા એ શું તમારો મુખ્ય વ્યવસાય છે? ૫. તમારા ઘરમાં સ્વતંત્ર જાજરૂ છે? દેશી પધ્ધતિનું કે વિલાયતી પધ્ધતિનું (તાજેતરમાં કેન્દ્રીય પ્રધાન જયરામ રમેશે કન્યાઓને સલાહ આપી કે "ઘરમાં સ્વતંત્ર જાજરૂ ન હોય તે ઘરમાં લગ્ન કરીને જશો નહીં." - "મું.સ." તા.૨૨-૧૦-૧૨)

*મુંબઈ ૧૦-૧૨-૧૨* — *- પ્રવીણ ખોના*

## અનુમોદનીય ધર્મ આરાધના

પ્રભુશાસનના અનુરાગી, ઉદારદિલ શ્રીયુત હિતેશભાઈ, શ્રીમતી નિશાબેન, જય, અજય તથા સમસ્ત મોતા પરિવાર, અનંતકાળે શ્રી જિનશાસનની નજીક આવવાનો અવસર મળતો હોય છે. તેવા અવસરે જો સદ્‌ગુરૂની પ્રાપ્તિ ન થાય તો મળેલો મનુષ્યભવ અને જિનશાસનની પ્રાપ્તિ નિષ્ફળ જાય. શ્રી મોતા પરિવારે ચાતુર્માસ તથા ઉપધાનતપનું આયોજન કરીને સદ્‌ગુરૂનો યોગ કરાવ્યો તે બદલ અમો કૃતજ્ઞતાભાવ વ્યક્ત કરીએ છીએ ગામેગામ આમંત્રણ આપીને સહુને બોલાવ્યા અને ચાતુર્માસ તથા ઉપધાનતપની આરાધના કરાવી, આરાધકોને આરાધનામાં ક્યાંય તકલીફ ન પડે તેવું શ્રેષ્ટ આયોજન કર્યું અને એ મોતા પરિવારે પણ ઉપધાનતપની આરાધના કરી. તેની અમો ભુરી ભુરી અનુમોદના કરીએ છીએ.

આ ઉપધાનતપમાં નિશ્રાદાતા પૂ.આ.ભ.શ્રીમદ વિજય યોગતિલકસૂરીશ્વરજી મ.સા.ની વાણી અને મોતા પરિવારની ઉદારતાં અમારા હૃદયમાં વસી ગઈ. પૂજ્યશ્રીએ નમસ્કાર મહામંત્રની વાચનાના દિવસે આપેલી અવિસ્મરણીય હિતશિક્ષા, એ હિતશિક્ષા સાંભળીને નિશાબેન મોતાએ પોતાના બે હાથે પહેરેલા રત્નજડીત અણમોલ કંકણને ગુરૂચરણે ધરીને સુવર્ણદાનનો અદ્‌ભુત સિલસીલો રચ્યો. એક સાથે ૮૦૦ જેટલા આરાધકોએ લીધેલા ૧૨ વ્રત ઉચ્ચાર હૃદયને સ્પંદિત કર્યા. આવા તો કેટલાય પ્રસંગો આ ચાતુર્માસ તથા ઉપધાનતપની જીવનભર યાદગીરી રૂપે અંકિત રહેશે. શાસન પ્રભાવનાનો એક અદ્‌ભુત અવસર રચાયો.

આ રીતે અમોને ચાતુર્માસ તથા ઉપધાનતપ કરી-કરાવી જિનવાણી શ્રવણ કરાવ્યું. તેનું અદ્‌ભુત આયોજન કર્યું અને જેથી અમોને જીવનની સાચી દષ્ટિ મળી છે. આવો અદ્‌ભુત ભાવોપકાર કરનારા શ્રીયુત મોતા પરિવાર પ્રત્યે કૃતજ્ઞતા ભાવ પ્રગટ કરવા પૂર્વક પ્રણામ કરીએ છીએ. જ્ઞાતિના ગૌરવભર્યા ઇતિહાસમાં એક નવું સુવર્ણ પાનું ઉમેરાયું છે.

*મુલુન્ડ : ૨૫-૧૨-૧૨* — *- ગુણવંતીબેન ભોજરાજ નાગડા*

## શાંતિજિન ગ્રુપની અનુમોદના

આદીપુરમાં યોજાયેલ શાંતિજિન જૈન જાગૃતિગ્રુપ મુંબઈ દ્વારા યોજાયેલ સમુહલગ્ન જે જોવાની અને માણવાની તક મળી.

ગ્રુપના અધ્યક્ષ જયેશ જૈન તથા ગોવિંદજી પટેલ તથા તમામ ટીમ કાર્યકરો દ્વારા ત્યાં જે સગવડ કરવામાં આવી એ વખાણવા લાયક છે. કદાચ આપણાં ઘરે પણ લગ્નમાં એટલી સગવડ ન સાચવી શકીએ. નાનામાં નાના માણસથી લઈ મોટામાં મોટા દાતા સુધી તમામ મહેમાનોનું ધ્યાન રાખવું. બધાને આવકારી તમામ સગવડ કરવી એ ગ્રુપની આગવી વિશેષતા છે. આવા મોંઘવારીના જમાનામાં લગ્નના ખર્ચા કરવા એ મીડીયમ વર્ગ માટે બહુ કઠીન છે પણ ગ્રુપની સખત મહેનતથી જ્ઞાતિના મીડીયમ વર્ગ માટે એક આશીર્વાદરૂપ કાર્ય થાય છે.

જો ગ્રુપના ભાઈઓ જ્ઞાતિ માટે આટલી રાત દિવસ મહેનત કરતા હોય તો આપણને પણ ઘર દીઠ એક જણાંએ ગ્રુપમાં રહીને સૌને સાથ-સહકાર આપવો એ આપણી ફરજ બન્ને છે. આજે મુંબઈમાં હોલના ભાડા, ડેકોરેશન, જમણવાર પાછળ ખુબ ખર્ચ થાય છે. તેના બદલે મહાજન અને ગ્રુપના સમુહલગ્નમાં ભાગ લેવો જોઈએ. શાંતિજિન ગ્રુપ સમાજ માટે ધાર્મિક-સામાજિક કાર્યો કરી સાધર્મિક ભક્તિનું અભિયાન ચલાવે છે તે અનુમોદનીય છે. સમુહ લગ્ન પરંપરાને સમાજે વધાવી લેવી જોઈએ. નાના માણસો એકત્ર થાય તો જ્ઞાતિ કેટલી સુંદર પ્રગતિ કરી શકે તેનું આ ઉદાહરણ છે.

*ડોંબિવલી ૨૮-૧૨-૧૨* — *- પ્રિયકાંત માણેકજી દંડ*

## પ્ર.સ.ના માધ્યમે સગપણ સેતુ સેવા

"પ્રકાશ સમીક્ષા" જ્ઞાતિનું સંગીન સાપ્તાહિક સંપર્ક માધ્યમ બન્યું છે. એ દષ્ટિએ જ્ઞાતિમાં થતા છુટાછેડા, સગપણ છુટાવાળા લગ્નોત્સુક પાત્રોની વિગતવાર માહિતી જો પ્ર.સ.ના માધ્યમથી અપાય તો એ પાત્રો પુનઃ જ્ઞાતિમાંજ યથાયોગ્ય પાત્ર સાથે સગપણ બાંધીને જ્ઞાતિમાં જોડાઈ રહે અને આંતરજ્ઞાતિય પ્રમાણ ન વધે.

*દેવલાલી : ૩૦-૧૨-૧૨* — *- જ્ઞાતિબંધુ*

## છેવાડે વસતા જ્ઞાતિજનો...

થોડા સમય પહેલાં, હું કચ્છ રોકાયો હતો - ત્રણેક સપ્તાહ. કચ્છ માટે કોઈ ઉત્કટ પ્રેમ ઉભરી આવ્યો હતો એટલે નહીં, પણ મારા બીમાર માતુશ્રીની સુશ્રુષા કરવાના હેતુસર, જોકે, મારા માતુશ્રી દેહાંત પામ્યા.

મને થોડી કડવાશ સાથે કહેવું પડશે કે, કચ્છમાં જીવવું બહુ-અતિભારે કઠિન છે. આપણી વસતીના લગભગ સઘળાં ગામોમાં ડોક્ટર મળે જ નહીં ને! દવા માટે ન મળે કેમીસ્ટની દુકાન કે કરીયાણાની દુકાન કે હજામ.. ફળ, શાકભાજી ભાગ્યે જ મળે.. તબિયત ઓચિંતી ગંભીર સ્વરૂપ લે તો ભુજ, માંડવી કે કોઠારા જવું પડે. એમ્બ્યુલન્સ સેવાઓ તો સહેલાઈથી મળે જ નહીં, તે માટે અડધો દિવસ કે બે દિવસ પણ વાટ જોવાની! (મુંબઈમાં તો ૨૦ મિનિટમાં પીઝા ડીલીવર ન થાય તો આપણી ધીરજ ઘસમસ થઈ જાય!)

ગેસ સીલીન્ડર ખતમ થાય તો ટાંકી લેવા નલીયા જવું પડે. બહુધા કુટુંબમાં એક કે બે જણાં ક્યાંક તો એકલા વિધુર કે વિધવા બહેન.. તેઓ કઈ રીતે રહેતા હશે તેની કલ્પના કરો.. એક ગામથી બીજે ગામ જવું હોય તો સવારની એક સેવા ને સાંજે પાછા વળવા માટે એક સેવા.. બસ., બહુ થયું.

ઝાઝું ન ભણએલા યુવકો માટે નોકરી મળે તેવી કોઈ આશા ન રાખવી એવા યુવાઓએ ગુજરાતના શહેરોમાં તો કોઈ એ મુંબઈની વાટ પકડી લીધી છે. તેમના કુટુંબીજનોની કોણ સારસંભાળ રાખશે?

ભોજન અને આરોગ્ય સેવા-આ બે પ્રશ્નો સૌથી વધારે અગત્યના છે. મહાજન કે સંસ્થાના નેજા હેઠળ સસ્તા દરે ભોજનશાળાઓ શરૂ કરવી જોઈએ, ખાસ કરીને જ્યાં ત્રણ-પાંચ-દશ જ્ઞાતિજનો રહેતા હોય તેવા ગામોમાં આરોગ્યલક્ષી સેવાઓ માટે. કોઠારામાં ડોક્ટર અને મેડિકલ સાધનો સાથેની વેન અઠવાડિયામાં ઓવામાં ઓછું એક વાર દરેક ગામે મુલાકાત લે તેવો પ્રબંધ કરવો જોઈએ.. એક દિવસમાં નજીક નજીકના ચાર-પાચ ગામોને એનો લાભ આપી શકાય.

વૈકિલ્પક વિચારના કરીએ તો, ખુબ જ વરિષ્ઠ જ્ઞાતિજનોને ગદગમાં "જીવન સંધ્યા"માં અથવા ગુંદાલામાં "વડીલ વંદના"માં (ક.વિ.ઓ. સમાજ હસ્તક પણ આપણાં જ્ઞાતિજનોને પ્રવેશ મળી શકે) રહેવાની સગવડ કરી આપવી જોઈએ.

આ બધા આયોજન માટે પૈસાની ચિંતા કરવાની જરૂર નથી.. આપણી પાસે સીલ્વર, ગોલ્ડ, ડાયમન્ડ, પ્લેટીનીયમ દાતાઓ છે જ, જેઓ આ ઉમદા કાર્ય માટે નિ:સંકોચ અને ઉદાર દિલે વરસી પડશે.

*મુલુંડ : ૨૦-૧૨-૧૨ -લહેરી લોડાયા(૦૯૮૨૦૨૯૯૩૩૦)*

## "પ્રકાશ-સમીક્ષા" સાપ્તાહિકના જાહેરખબર દરમાં વધારો અને અગોતરી ચુકવણી કરવા અપીલ

*સતત વધતા જતાં પેપરના દરો, પ્રિન્ટીંગ-બાઈન્ડીંગ મજુરીના દરના કારણે પ્ર.સ.ની સમિતિને સપ્તાહના ₹૬૦૦૦૦/- (રૂપિયા સાઈઠ હજાર પુરા) ના ખર્ચ બજેટને પહોંચી વળવા જા.ખ. દરમાં વધારો કરવાનો નિર્ણય લેવો પડયો છે. એ નિર્ણય મુજબ તા.૧-૧-૧૩થી નવા દર નીચે મુજબ રહેશે.*

| | સાઈઝ | કલર | બ્લેક-વ્હાઈટ |
|---|---|---|---|
| આખું પાનું | 160x225 cm | ૭,૦૦૦ | ૪,૦૦૦ |
| અડધું પાનું | 160x111 cm | ૪,૦૦૦ | ૨,૨૫૦ |
| પા પાનું | 77x111 cm | ૨,૫૦૦ | ૧,૨૫૦ |
| ૧/૮ પાનું | 77x54 cm | - | ૭૦૦ |
| ૧/૧૬ પાનું | 77x27 cm | - | ૩૫૦ |

*આ ઉપરાંત જાહેરખબર દાતાઓના પેમેન્ટ સમયસર આવતા નથી. એમાં પણ જ્ઞાતિ સંસ્થાઓ, મહાજનો, એકમો અને વ્યક્તિગત આપેલી જાહેરાતના પેમેન્ટ મોકલવામાં ૬થી ૮ મહીનાના અને કોઈક કિસ્સામાં દોઢેક વરસ સુધી વિલંબ કરતા આવે છે. જે સમગ્ર રકમ દોઢથી બે લાખ જેટલી થવા પામે છે. અને એથી પ્રકાશ-સમીક્ષા સમિતિના સભ્યોએ બેંકમાં રોકડા જમા કરાવવા પડે છે. જેમાંથી કાગળના અને પ્રિન્ટિંગના બીલો ચુકવાય છે. જે ઉઘરાણી બાકી છે તેની યાદી પ્રમાણે વર્ષ ૨૦૧૦ સુધી ₹૩૬,૦૦૦/- વર્ષ ૨૦૧૧ના ₹૩૫,૦૦૦/-, વર્ષ ૨૦૧૨ના ૩૧ માર્ચ સુધી ₹૨૧,૦૦૦/- અને ૨૦૧૨ ૧ એપ્રિલથી અત્યારસુધી ₹૮૭,૫૦૦/- મળી કુલ્લે ₹૧,૭૯,૫૦૦ થાય છે. આ અનુભવથી જાહેરખબરની આગોતરી ચૂકવણી ફરિજીયાત બનાવાની ફરજ પડી છે તેની નોંધ લેવા વિનંતિ.*

*ચેક/ડ્રાફ્ટ 'CDO Prakash Samiksha'ના નામે લખવા. એટપાર બેંક પેમેન્ટ મોકલવા.*

*આપની રીતે તૈયાર કરી મોકલાવાની જા.ખ. યોગ્ય ફોરમેટમાં સીડી/ઈન્ટરનેટથી મોકલી શકાય છે.*

*અમને સમયસર મળેલ જા.ખ./વિગત માહિતી સ્થળ-સમય અનુકુળતાએ ક્રમશઃ પ્રકાશિત થશે.*

*- "પ્રકાશ-સમીક્ષા" સમિતિ*

॥ ચંદ્રપ્રભુસ્વામીને નમઃ ॥

# શ્રી ક.દ.ઓ. જૈન નલીયાવાસી જ્ઞાતિજનોનું સ્નેહમિલન-૨૦૧૩

## હાર્દિક આમંત્રણ

નલિયાના સર્વે ક.દ.ઓ. જૈન જ્ઞાતિના ગામવાસીઓ તથા નિયાણીબહેનોનું સહપરિવાર સાથેનું સ્નેહમિલન રવિવાર **તા.૨૪-૨-૧૩**ના સવારે ૯ થી ૨ દરમ્યાન માહુલી હોલ, પેંઢારકર કોલેજની બાજુમાં, ડોંબિવલી (ઈ) માં આયોજીત કરેલ છે. આ પ્રસંગે આપ સૌને સહકુટુંબ પધારવા ભાવભર્યું આમંત્રણ છે. આ જાહેર નિમંત્રણને રૂબરૂ આમંત્રણ સમજીને જરૂરથી પધારશોજી.

ગામવાસીઓના વર્ષ દરમ્યાન વર્ષીતપ તથા કોઈ મોટાતપ ચાલુ હોય એમના નામ નોંધાવશો તથા શિક્ષણમાં પોસ્ટ ગ્રેજ્યુએશન તથા વિશેષ ડીગ્રી (સી.એ./ડોક્ટર/ઈન્જીનીયર) કરેલ હોય તેમના નામ નોંધાવશોજી. જેથી આ પ્રસંગે તપસ્વી બહુમાન અને સરસ્વતી બહુમાનનો લાભ લઈ શકાય. આપના સહકારસહ,

**શ્રી નલીયાવાસી ડોંબિવલી મિત્રમંડળ વતી**

**વિરેન્દ્ર ભવાનજી લોડાયા - 9821073830 ● દીપેશ લક્ષ્મીચંદ મોમાયા - 9323003032**
**નરેશ મેઘજી છેડા - 8291821059 ● મયુર ગોવિંદજી દંડ - 9820980776**
**ચેતન લહેરચંદ નાગડા - 9820105078 ● લહેરચંદ મુરજી છેડા - 9324489222**
**મણીલાલ ખીમજી લોડાયા - 9821175847**


"મહાવીર"-માટુંગા "મહાવીર"-માટુંગા "મહાવીર"-માટુંગા

**એમ્બ્રોઈડરીનો નવો સ્ટોક મહાવીરમાં**

- હાથ અને મશીનની રેશમભરતની ભારે પારસી સાડીઓ
- રેશમ-જરી-સ્ટોન-પીટાવર્ક-બાદલાની ભારે તૈયાર સાડીઓ
- પારસી ભરતની કુર્તીઓ
- કસબ-બટકસબની તૈયાર સાડીઓ ઘરચોળાની બોર્ડરો.
- બાંધણી માટે ફેન્સી બોર્ડરો
- પ્લેન તેમજ ફેન્સી ડાયબલ સાડી મટેરીયલ
- રીયલ તથા ટેસ્ટેડ ઘરચોળા
- દરેક પ્રકારનું ભરતકામ તેમજ ઓલ્ટ્રેશન વર્ક, હેન્ડવર્ક તેમજ મશીનવર્ક કરી આપશું.

ફક્ત સાચી જરીની જુની સાડીઓ-બોર્ડર અને ઘરચોળા સારા ભાવે વેંચાતા લઈશું.

**મહાવીર'સ એમ્બ્રોઈડરી**

મહાવીર કંપાઉન્ડ, સ્ટેશન પાસે, માટુંગા
ફોન : 2402 5070 / 6504 6030
મો. 086522 39537
website : www.mahaviremboidery.in
(રવિવારે બંધ)

"મહાવીર"-માટુંગા "મહાવીર"-માટુંગા "મહાવીર"-માટુંગા
"મહાવીર"-માટુંગા "મહાવીર"-માટુંગા "મહાવીર"-માટુંગા
"મહાવીર"-માટુંગા "મહાવીર"-માટુંગા "મહાવીર"-માટુંગા



**પુત્ર/પુત્રીના સગપણ માટે**

સગાસંબંધી સ્નેહીસ્વજન, હિતેચ્છુના ડાયરામાંથી બહાર આવો અને પોતાના લાડકવાયા પુત્ર/પુત્રીના સગપણ માટે વિશાળ ફલક આપનાર 'અસાંજો કચ્છ'ની વેવિશાળ સેવાનો લાભ લો. આપ પણ આપના પુત્ર/પુત્રીનું નામ જરૂરથી નોંધાવશો. જીવનની આ મહત્વની કેડી પર ડગ માંડજો અસાંજો કચ્છ ડોટ કોમ સંગ...

**સંપર્ક : દિપક કારાણી**
**29674007 / 8 / 9 / 9969674905**
**Registrar online on : www.asanjokutch.com/matrimonials**


### ઇનામી ધાર્મિક જ્ઞાન સ્પર્ધાનું પરિણામ

**ચરમ તીર્થંકર ભગવાન મહાવીરસ્વામી**

પ્રથમ ઈનામ રૂા.૧,૦૦૦/- કુ. ભૂમિ વસંત લોડાયા ઉ.વ.૧૪ (આદીપુર), દ્વિતીય ઈનામ રૂા.૭૫૦/- શ્રી રાજેશ એન. ખોના (ડોંબીવલી), તૃતિય ઈનામ રૂા.૫૫૦/- દર્શન એ. કુરવા ઉ.વર્ષ ૧૩ (શાહપુર), પ્રોત્સાહન ઈનામ રૂા.૨૨૫/- યશ C/o. આણંદજી બી. ડાઘા, (મોહને)

● પ્ર.સ.માં તપોવન રામમંદિર-નાશિક વૃધ્ધાશ્રમનો લેખ આવેલ જેના સંપર્ક ફોન :૦૨૫૩-૨૫૧૨૩૮૮ છે.

॥ શ્રી આદેશ્વર દાદાય નમઃ ॥

## શ્રી ક.દ.ઓ.સાંયરા જૈન મહાજન ટ્રસ્ટ

સાંયરાવાસી ક.દ.ઓ. જ્ઞાતિજનો જોગ,

ગામ સાંયરા (કચ્છ) તા. અબડાસા સ્થિત શ્રી કચ્છી દશા ઓસવાલ સાંયરા જૈન મહાજન ટ્રસ્ટ હસ્તક **"શ્રી જેઠુભાઈ લખમસિંહની જગ્યા"** તરીકે સુપ્રસિધ્ધ જગ્યા જ્યાં છે ત્યાં અને જેવી સ્થિતીમાં છે તેવી સ્થિતીમાં વેંચવાની છે.

ઈચ્છુક ખરીદનારાઓએ પોતાની "ઓફર પ્રાઈસ" બંધ કવરમાં **તા.૧૫-૧-૧૩** પહેલા મહાજનશ્રી-ટ્રસ્ટની ઓફીસે મોકલવી. આ બાબતમાં મહાજનશ્રી-ટ્રસ્ટનો નિર્ણય સર્વ બાબતે સહુ ભાગલેનારાઓને બંધનકર્તા રહેશે. સફળ ખરીદદારે તે શરત આધિન વેચાણ પાકું કરવાનું રહેશે. તેવી નોંધ લેવી.

**શ્રી કચ્છી દશા ઓસવાલ સાંયરા જૈન મહાજન ટ્રસ્ટ**
C/o. શ્રી વિનોદ રાયચંદ મોમાયા (ચાર્ટડ એકાઉન્ટન્ટ)
ચાર્મી એન્ડ નેવી બિલ્ડીંગ, ૩જે માળે, કાલાઘોડા,
૧૪૮ મહાત્મા ગાંધી રોડ, મુંબઈ, ફોર્ટ-૪૦૦૦૦૧
ફોન : 022-22843287/4568, 022-22840837

**શ્રી સચ્ચામા દંડ પરિવાર-સેવક ભરૂડીયા**

## આઠમી સમુહ પહેડી તથા સ્નેહમિલન પ્રસંગે પધારવા ભાવભર્યું આમંત્રણ

કુળદેવી શ્રી સચ્ચામાની સમુહ પહેડી તથા સ્નેહમિલનનું **આયોજન રવિવાર તા.૨૦-૧-૨૦૧૩ના સવારે ૮.૩૦ થી સાંજે ૮.૩૦** વાગ્યા સુધી **જૈનમ** ક્લાસીક એ.સી. હોલ, એલ.બી.એસ. રોડ, **ભાંડુપ (વે)** મધ્યે રાખેલ છે. **સમસ્ત હાલારના દંડ પરિવારજનો તથા નિયાણી બહેનો-દીકરીઓને સહકુટુંબ પધારી પહેડી-પ્રસાદ**નો લાભ લેવા ભાવભર્યું આમંત્રણ છે.
ભક્તિ ગીત : **નેહા શૈલેશ ગડા એન્ડ પાર્ટી ના સથવારે...**
કુરીયર દ્વારા સૌને આમંત્રણપત્રિકા મોકલાવેલ છે. જો ન મળી હોય તો આ જાહેરાતને **આમંત્રણ પત્રિકા સમજી સહકુટુંબ પધારવા વિનંતી છે.**

આ સંપૂર્ણ પહેડી પ્રસાદના લાભાર્થી પરિવાર
**દાદીમાઃદેવાબાઈ ખીમજી લધાભાઈ દંડ (સે.ભરૂડીયા)**
**નાનીમાઃદેકાબાઈ ગોવિંદજી દામજી ખોના (ગોરખડી)**
**હસ્તે : માતુશ્રી તારાબેન કુંવરજી દંડ**
**અ.સૌ. કલ્પના મનોજ દંડ (મુલુન્ડ)**
જે કોઈના એડ્રેસ બદલાયા હોય તો કાર્યકર્તાને જાણ કરવા વિનંતી
વિકાસ દંડ-9167235061 દર્પણ દંડ-9920057598
રાજુ દંડ-9820861013 મેહુલ દંડ-9819850210
ખીલીન દંડ-9324412193

## ગોએરસમા, રંગપુર, બારોઈ, બાયઠ, લુણી અને ડુમરાના ક.દ.ઓ. પોલડીયા પરિવારો અને તેની નિયાણી બહેનો જોગ (ગોરંગબાલુડો)

કચ્છ ઘણીયાણી, કુળદેવી મા આશાપુરા માતાની ચતુર્થ પહેડી રવિવાર **તા.૨૪-૨-૨૦૧૩ના** શેઠ શ્રી નરશી નાથા સભાગૃહ (અનંતસિધ્ધિ) ભાંડુપમાં યોજાયેલ છે. પહેડી પ્રસાદ અને ભક્તિનો લાભ લેવા ઉપરોક્ત છ એ છ ગામના **પોલડીયા પરિવારો અને નિયાણીઓને** સહકુટુંબ પધારવાનું ભાવભર્યું નિમંત્રણ પાઠવતાં અમો અત્યંત હર્ષ અનુભવીએ છીએ. સૌને સમયસર પધારવા નમ્ર વિનંતી.

**સ્થળ : શેઠ નરશી નાથા સભાગૃહ (એ.સી. હૉલ), ભાંડુપ (વે) સમય : સવારે ૯ થી ૩**

સૌ ભાવિકોએ મધુબન ગાર્ડન, LBS માર્ગ, ભાંડુપ (વે) પાસે ૮.૩૦ વાગે એકત્ર થવાનું છે. ત્યાંથી ૯ કલાકે પૂ. માતાજીને વાજતે ગાજતે શોભાયાત્રારૂપે અનંતસિધ્ધિ આવશું. જ્યાં સ્વાગત થશે. ૧૦ વાગે પૂ. માતાજીની છબીની સ્થાપના થશે. સવારે ૧૦ થી ૧૧માં ભક્તિગીતોની રમઝટ અને રાસ ગરબા, સવારે ૧૦.૩૦ કલાકે પૂ.માતાજીને નૈવેદ થાળ ધરાશે અને મહાઆરતી સાથે સહયોગીદાતા પરિવારનું બહુમાન થશે. બપોરે ૧૨.૩૦ થી ૨.૦૦ પૂ. માતાજીની પહેડીનો મહાપ્રસાદ રહેશે.

ચતુર્થ પહેડીના દાતા **માતુશ્રી તારાબાઈ શીવજી નરશી પોલડીયા પરિવાર** (બાયઠ-મહાલક્ષ્મી) હ. રાજેશ શીવજી પોલડીયાએ લાભ લીધેલ છે.

**-: નિમંત્રક :-**
**ગોરંગબાલુડો - પોલડીયા પરિવાર પહેડી સમિતિ વતી**
**શ્રી લક્ષ્મીચંદ લાલજી પોલડીયાના જય માતાજી**
**સંપર્ક :** શ્રી લક્ષ્મીચંદ લાલજી પોલડીયા-09930008339
શ્રી ભરત શીવજી પોલડીયા-09320668286

# શ્રી ક. દ. ઓ. જૈન જ્ઞાતિનું ગૌરવ

*ક્ષમા જેવું અમૃત નહિં, શીલ જેવું શરણું નહિં,*
*ધર્મ જેવું મિત્ર નહિં, સંયમ જેવું સુખ નહિં.*

તીર્થંકર પરમાત્મા મહાવીરસ્વામિનું શાસન જયવંતુ વર્તે છે. ત્યારે પ્રભુની આજ્ઞાએ, ગુરૂના સત્સંગે, આત્માની અનંત શક્તિને પ્રગટાવીને વીરતાની વાટે, વિરક્ત દશામાં મ્હાલ્વા તૈયાર થયેલ એક નહિ બે નહિં પણ પાંચ પાંચ મુમુક્ષુ આત્માઓની અનુમોદના કરવાનો અનેરો અવસર શ્રી ક.દ.ઓ.જી.વી.સી. સંઘના બારણે, ઘાટકોપર અનંત છાયાના આંગણે સૌ પ્રથમવાર પડઘમ વાગી રહ્યા છે. અત્યંત દુર્લભ મળેલા માનવ જીવનની સાર્થકતા સંયમ જીવન જ છે.

## આ છે સંયમ અભિલાષી આત્માઓ.....

**રૂચિબેન** ને રૂચ્યું સંયમ જીવન... **કોમલબેન** બનશે સંયમથ અતિ કોમળ... **નિરાલીબેન** કરશે શાસનના નિરાલા કાર્ય... **દિશાબેન** બદલાવશે જીવનની દિશા... શરદ પુનમના ચાંદની જેમ ખીલશે **પુનમબેન**...

તો સૌ ચાલો... પ્રવજ્યાના પંથે પ્રયાણ કરનારા પાંચ પાંચ દિકરીઓના સંયમ જીવનની શુભેચ્છા પાઠવવા સંઘતીરછત્ર **આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.** ના આજ્ઞાવર્તિની મુખ્ય સાધ્વી **પ.પૂ. રત્નરેખાશ્રીજી મ.સા.** તથા **પ.પૂ. ચારૂલતાશ્રીજી મ.સા.** ના સુશિષ્યા **પ.પૂ. ચારૂપ્રજ્ઞાશ્રીજી મ.સા.** તથા **તત્વપ્રજ્ઞા મ.સા.** તથા **પ.પૂ. ધૈર્યપ્રભાશ્રીજી મ.સા.** ના શિષ્યા **પ.પૂ. ગુણમાલાશ્રીજી મ.સા.** આદિ ઠાણાની શુભ સાનિધ્યમાં ત્રિદિવસીય જીનેન્દ્ર ભક્તિ મહોત્સવ માણવા.

### પ્રથમ દિવસ : તા. ૪-૧-૨૦૧૩ શુક્રવાર

**સવારે : ૧૦.૦૦ ક. શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા બપોરે : ૨.૦૦ ક. મહેંદી રસમ**
**સાંજે : ૭.૦૦ ક. શ્રી પંડિતવર્ય શ્રી અજીતભાઈ ધ્વારા ચારિત્ર વંદનાવલી.**

### દ્વિતીય દિવસ : તા. ૫-૧-૨૦૧૩ શનિવાર

**સવારે : ૧૦.૦૦ ક. સ્નાત્ર મહોત્સવ, બપોરે ૨.૦૦ ક. મધ્યાન્હને દિક્ષાર્થીઓને સાંજી**
**રાત્રે : ૭.૦૦ કલાકે અઢાર પાપસ્થાનક સંવેદના**
**શ્રી ઉત્તમભાઈ છેડાના સથવારે તેમજ દિક્ષાર્થીઓના ક.દ.ઓ. જી.વી.સી. સંઘ દ્વારા બહુમાન**

### તૃતિય દિવસ : તા. ૬-૧-૨૦૧૩ રવિવાર

**સવારે : ૮.૩૦ ક. શ્રી વર્ષીદાન વરઘોડો અનંતછાયાથી, રાત્રે : મહાઆરતી ૭.૦૦ કલાકે.**

**તા.ક.: સોનામાં સુગંધ રૂપ શ્રી ક.દ.ઓ.જી.વી.સી. સંઘના આંગણે સૌ પ્રથમવાર મૌન એકાદશીની અનુપમ આરાધના થઈ અને હવે પહેલી વખત પોષદશમીની અનેરી આરાધના કરાવવામાં આવશે. અઠ્ઠમ તપ કરનાર ભાગ્યશાળીઓએ પોતાના નામ પૂજ્ય મ.સા. પાસે લખાવી જવા વિનંતી.**

**ત્યાગ ધર્મનો જય જયકાર... સંયમ ધર્મનો જય જયકાર...**

સમસ્ત જ્ઞાતિજનોને આ પાવન પ્રસંગે પધારવા પ્રેમપૂર્ણ આમંત્રણમ્...

**મહોત્સવ સ્થળ : શ્રી અનંતનાથ સ્વામી જિનાલય, અનંત છાયા, ઘાટકોપર (પૂર્વ), મુંબઈ.**

**આયોજક : શ્રી ક.દ.ઓ. ઘાટકોપર-વિદ્યાવિહાર-ચેમ્બુર (GVC) જૈન સંઘ.**

UPASANA-9820167767

।। નમામિ જ્ઞાતિમૈયે ।।

# શ્રી સમસ્ત ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન

કાર્યાલયઃ C/o. સેક્રેટરી જનરલ, ૧૯-૨૦ મોનાણી સદન, ૧લે માળે, નેહરૂ રોડ, મુલુંડ (વે), મુંબઈ-400080
સંપર્ક સૂત્ર : 022-25903514-5-6 • e-mail : samastmahajan@gmail.com

## જ્ઞાતિની ઉગતી પેઢી માટે...

## એક દિવસીય જ્ઞાન સંસ્કરણ શિબિર

સમસ્ત મહાજનના ઉપક્રમે વડોદરા મહાજનશ્રીના સંપુર્ણ સહયોગે જ્ઞાતિઐક્ય અને અસ્મિતાને વધુ ઉજાગર કરવા એક નાનકડા પ્રયાસરૂપે જ્ઞાતિની ઉગતી પેઢી સમાન ૮ થી ૧૫ વર્ષ સુધીના બાળકો માટે સામાજિક-ધાર્મિક જ્ઞાનવર્ધક શિબિર જેમાં જીવનના સત્વને ફોરવવા પ્રેરણારૂપ સર્વાંગીણ માર્ગદર્શન સંસ્કરણની પ્રાથમિક પાયાની વાતો સાહજિક રીતે સરળતાથી આનંદ-પ્રમોદ સાથે (learn with fun) સરળ ગુજરાતી અને અંગ્રેજીમાં સમજાવીને આપણી ધાર્મિક, સામાજિક પરંપરા, પ્રણાલીઓ અને સંસ્કારીતાનું સિંચન કરાશે. સફળ સાર્થક જીવનની પહેલી સીડીનું પહેલું પગથીયું ચડતાં બાળકોને જ્ઞાતિની ભવ્ય સંસ્કૃતિ વારસાનું પાયાનો પાઠ આ પાઠશાળામાં અપાશે. જ્ઞાતિની પરંપરા-પ્રણાલિકાનું સત્વ અને પાયાની કેળવણી જ્ઞાન ગમ્મતથી પીરસવામાં આવશે. જીવન ઘડતર-ચણતર ઉપયોગી આ આગવી-અનોખી તક છે....

### ✻ વડોદરામાં રવિ. તા.૩-૨-૧૩ • સવારે ૧૦ થી સાંજે ૪ ✻

જાણીએ... મહાજન પરંપરા, દશાઈ અસ્મિતા....

**સ્થળ : શ્રી ક.દ.ઓ. સમાજભવન, વિમલનાથ દેરાસર પાસે, હરણી-વરસીયા રોડ, ક.દ.ઓ.નગર, વડોદરા**

**શિબિર સૌજન્ય : શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-વડોદરા**

**સૂત્ર સંચાલન : શ્રી નિશિથ દંડ (તેરા-વડોદરા)**

**રજીસ્ટ્રેશન માટે સંપર્ક : શ્રી ધનજીભાઈ ૦૯૩૨૭૦૩૭૮૯૭, ૦૨૬૫-૨૫૩૧૭૦૦**

**નામ નોંધણી : તા.૨૭-૧-૧૩** સુધી . પ્રવેશ ફી (પ્રતિક): રૂ.૧૦૦ (જે શિબિરના અંતે રીફંડ અપાશે)

**શિબિરમાં ઇનામી ક્વીઝ અને પ્રશ્નોતરી રહેશે.**

કરીએ... ધર્મ અને સંસ્કૃતિનું સમન્વય

સૌએ ૯.૩૦ વાગ્યા સુધી આવી જવાનું રહેશે.
બપોરે અને સાંજે સાધર્મિકભક્તિની વ્યવસ્થા છે.
(અગાઉથી સુચના પ્રાપ્ત થયે બહારથી પધારનારા
બાળકો માટે યોગ્ય વ્યવસ્થા કરી અપાશે.)

**વાપીથી અમદાવાદ સુધીના સૌને જોડાવવા આમંત્રણ છે.**

આજે જ્યારે આંતરજ્ઞાતિય સગપણો, છુટાછેડા, પરિવારિક વાદવિવાદ અને અસંસ્કૃત વિચારધારા પ્રસરી રહી છે અને પારિવારીક મીઠાશના સ્થાને કડવાશ વધતી જાય છે. ત્યારે સમાજમાં કુટુંબ ભાવના, જ્ઞાતિદાઝ, પ્રેમ, વિનય-વિવેક સાથે ધર્મભાવનાની સૌરભ ફેલાવી પાયાથી સંસ્કારિતાનું ઘડતર કરીએ. આજની આ નાનકડી પગલી આવતીકાલના વિશાળ રાજમાર્ગનું વિરાટ કદમ બનશે એવી આશા છે.

કરશું.... પુજા,
ભણાવશું... ભાવના....
થશે...ચૈત્યવંદન અને ગુરૂવંદન

અપનાવીએ... હકારાત્મક રચનાત્મક
મુલ્યવૃધિવાળું અભિગમ

જ્ઞાતિ પરિવારોના વડીલો-માબાપ, પરિવારજનો આપણી આવનારી પેઢીને પરિવાર, જ્ઞાતિ, ધર્મ અને સમાજ વિષયે ઉપયોગી પ્રશિક્ષણ માટેની આ શરૂઆત જ્ઞાતિ-સમાજ-સંઘને વધુ સંગઠિત અને સંસ્કારી બનાવવા વિરાટ પરીણામ આપશે. એટલુંજ નહીં જ્ઞાતિના મુખ્ય પ્રવાહમાં જોડી રાખી જ્ઞાતિ પરંપરા, આગવી દશાઈ અસ્મિતાને જાળવવા સાર્થક સાબિત થશે. આ પ્રકારે બાળ-કિશોર સંસ્કરણ શિબિરો સમસ્ત જ્ઞાતિસ્તરે જ્ઞાતિવસતીના વિવિધ સ્થળે યોજવાની ભાવના છે. મહાજનોએ અનુકુળતાએ-અવસરે લાભની તક ઝડપી લેવા અપીલ છે. આપના બાળકોને અવશ્ય મોકલાવશોજી. આ પ્રોજેક્ટને વધુ અસરકારક, આકર્ષક, સફળ પરીણામદાયી બનાવવા આપના સુચન અને સહયોગ આવકાર્ય છે. આવી શિબિરોમાં પોતાની કલાનિપુણતાનો લાભ આપવા ઇચ્છુકો સંપર્ક કરે અને વ્યવસાયિકપણે આવી સેવા આપનારાઓનો સંપર્ક કરાવી આપે અથવા માહિતી આપે. એવી વિનંતી છે. આવી શિબિર યોજવા ઇચ્છુક મહાજનો કાર્યાલયે સંપર્ક કરે.

**- ચીમન મોતા (સેક્રેટરી જનરલ)**

**તા.૨૬-૨૭/૧/૧૩**

**મુંબઈમાં** સમસ્ત મહાજનના ટ્રસ્ટબોર્ડની, મહાસમિતિની અને સમસ્ત જ્ઞાતિસ્તરે સંસ્થાકીય પદાધિકારીઓ/પ્રતિનિધિઓ, આગેવાનો અને કાર્યકર્તાઓની બેઠક મળશે. જે માટે સૌએ મુંબઈ પધારવાનું આયોજન કર્યું જ હશે. આપના આવાગમનની ટ્રેન ટીકીટ નિશ્ચિત કરી લીધી હશે. જો એ બુકીંગ ન કર્યું હોય તો ત્વરીત પ્રબંધ કરી લેવા વિનંતી છે. મુંબઈગરાઓને વિનંતી કે આપ ક્યાંય બહારગામ ન જતા આ સભામાં અવશ્ય ઉપસ્થિત રહેશોજી.

## સમસ્ત મહાજનની નિયુક્ત સમિતિ સભ્યોના સંપર્ક સૂત્ર

**-: લવાદ પંચ :-**

| | | | |
|---|---|---|---|
| **શ્રી તિલોકચંદ નરશી દંડ** | - 09371467232 | **શ્રી કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા** | - 09820138725 |
| **શ્રી રાજેન્દ્ર મણીલાલ ખોના** | - 09820302853 | **એડ. શ્રી શૈલેશ સનત શાહ** | - 09820000107 |
| **શ્રી કાંતિલાલ ગાંગજી વોરા** | - 09843030877 | | |

**-: મેડીકલ માર્ગદર્શન કેન્દ્ર :-**

| | | | |
|---|---|---|---|
| **શ્રી ભરત મુલજી મૈશેરી** | - 09820058048 | **શ્રી મુકેશ દામજી મૈશેરી** | - 09323949963 |

**-: વતનની જમીન અંગે માર્ગદર્શન સમિતિ :-**

| | | | |
|---|---|---|---|
| **શ્રી પ્રવીણ હંસરાજ લોડાયા** | - 09820076605 | **શ્રી જયેશ ભાગચંદ ધરમશી** | - 09820141761 |
| **શ્રી વિનોદ રાયચંદ ધુલ્લા** | - 09820122366 | **શ્રી અરવિંદ લાલજી લોડાયા** | - 09825634649 |

**-: બાળમેળા - ધાર્મિક સંસ્કરણ સમિતિ :-**

| | | | |
|---|---|---|---|
| **શ્રી રાયચંદ હંસરાજ ધરમશી** | - 9820084867 | **શ્રી રાજેન્દ્ર મણીલાલ ખોના** | - 09820302853 |
| **શ્રી નિશીથ આણંદીલાલ દંડ** | - 09879111090 | | |

જ્ઞાતિજનો સાંસારિક સમસ્યા, સગપણ, છુટાછેડા, લગ્ન વિચ્છેદ, ધંધાકીય કે અન્ય પ્રશ્નોમાં ક્યાં કોઇ વાદવિવાદ કે મુઝવણ હોય તો **'લવાદ પંચ'** નો સંપર્ક કરી નિયત અરજીપત્રક દ્વારા માહિતી મોકલી લાભ લઈ શકાશે.

તેવી રીતે મુંબઈ આવતા જ્ઞાતિજનો મુંબઈમાં ઉતારા કે મેડીકલ ટ્રીટમેંટ અંગે એ **સમિતિનો** સંપર્ક કરી માર્ગદર્શન મેળવી શકશે.

વતનમાં કચ્છ-હાલારમાં આપણી જમીન-મિલકત અંગે કોઈ સમસ્યા હોય કે એ સંબંધી દસ્તાવેજ યા હક્ક વગેરેમાં પ્રશ્ન હોય તો સંપર્ક કરી માર્ગદર્શન મેળવી શકાશે. આપના સુચન / પુછપરછ કાર્યાલયે આવકાર્ય છે.

**જ્ઞાતિ વસતીપત્રક એના નિયત સમયે પ્રકાશિત થાય તે માટે આપણાં ભરાયેલા માહિતિપત્રકો સમયસર મુંબઈ કાર્યાલયે ત્વરીત મળે એ જરૂરી છે.**

|| શ્રી અનંતનાથાય નમઃ ||

# શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ

KDO દશાઓની નવી દિશા

સુજ્ઞ જ્ઞાતિજનો,

**તા. ૨૬ તથા ૨૭ જાન્યુઆરી ૨૦૧૩** આ બન્ને દિવસે મુંબઇ મહાજનશ્રી દ્વારા

'જ્ઞાતિ ઉપયોગી' વિવિધ પ્રવૃત્તિઓને વેગ આપવા, સત્કારવા તથા

**ઈતિહાસ સર્જનારી ઘટનાઓની હારમાળાના 'સાક્ષી' બનવા આપ સૌને હાર્દિક આમંત્રણ આપતા હર્ષ અનુભવીએ છીએ.**

**સ્થળ : સેનરૂફ ગ્રાઉન્ડ, નીલમ રીયલટર્સ, મુલુંડ - ગોરેગાંવ લીંક રોડ, નાહુર (ઈ)**

આપ સૌ જ્ઞાતિની 'એકતા'ને વધાવવા તથા જ્ઞાતિજનોને પ્રોત્સાહિત કરવા આ બન્ને દિવસ આજે જ "BLOCK" કરી દેજો.

## શનિવાર, તા. ૨૬-૧-૨૦૧૩, પ્રજાસ્તાક દિન

### સતત ત્રીજા વર્ષે ૧૦૦ થી વધુ સ્ટોલ ધરાવતું ટ્રેડ-ફન ફેર ૨૦૧૩

**સવારે ૯.૩૦ કલાકે ઉદ્ઘાટન**

| | |
|---|---|
| સવારે ૧૦ થી ૧૧ | મુંબઇ મહાજન માજી પ્રમુખ શ્રી શાન્તિલાલભાઇ શિઆલ તથા કે.ડી.ઓ. સ્વાતંત્ર્યસેનાની અને ૫૦૦ થી વધુ કે.ડી.ઓ. વિદ્યાર્થી - વિદ્યાર્થીનીઓ દ્વારા 'ધ્વજ વંદન!' ત્યારબાદ રકતદાન શીબીર |
| સવારે ૧૧ થી ૫ દરમ્યાન | ડોંબીવલી મંડળ - વિદ્યાર્થી સંઘ તથા સ્પોર્ટસ સમિતિ દ્વારા વિવિધ રમત ગમત અને હરીફાઇઓ |
| સવારે ૧૧ થી ૫ દરમ્યાન | 'સમસ્ત મહાજન' દ્વારા વિવિધ મીટીંગોનું આયોજન (જન જાગરણ અભિયાન બેઠક ૩ થી ૫) |
| સાંજે ૫.૩૦ થી ૬.૩૦ | મુંબઈ મહાજન પ્રાયોજીત, વસ્તી પત્રક સમિતી દ્વારા ૮મા વસ્તી પત્રકના ઓનલાઇન સોફટવેરનું વિમોચન |
| સાંજે ૭ થી ૧૦ | કિશોર સોઢા તથા નામાંકીત બોલીવુડ મ્યુઝીશીયનના સંગાથે દાંડીયા ગરબા રાસ |

## તા. ૨૭-૧-૨૦૧૩, રવિવાર

| | |
|---|---|
| સવારે ૧૧ થી ૧૨ | કેડીઓ ડૉકટરસ દ્વારા 'પેનલ ડીસ્કશન' |
| બપોરે ૧૨ થી ૧ | પ્રાથમિક તથા ઉચ્ચ શિક્ષણ માટે 'પેનલ ડીસ્કશન' |
| બપોરે ૨ થી ૪ | **મહીલા મંચ 'પેનલ ડીસ્કશન'** |
| સાંજે ૪ થી ૬ | સગપણ સેતુ- રાઇટ મેચ - દ્વારા ઉમેદવારો માટે ૨૦૦ થી વધુ પસંદગીની તકો. (ઉમેદવારોએ કાર્યાલયે ફોર્મ ભરવા વિનંતી) |
| સાંજે ૬ થી ૭ | અનંતનાથ દાદાની પુનઃપ્રાણ પ્રતિષ્ઠા સીડીનું પ્રસારણ |
| સાંજે ૭ થી ૧૦ | **અનંત યુવાશક્તી અને** ફન વેન્ચર ગ્રુપ દ્વારા ડીજે પાર્ટીનું આયોજન - એન્ટ્રી માત્ર પાસ દ્વારા (સંપર્ક - સચીન મૈશેરી - ૯૮૨૧૮ ૮૩૧૧૨) |

## વિવિધ આકર્ષણો

- ૧૦૦ થી વધુ વિવિધ સ્ટોલો
- કુંવરબાઇ ગૃહઉદ્યોગ દ્વારા વેચાણ સ્ટોલ
- મેડીકલ ટ્રસ્ટ દ્વારા રકતદાન શિબિર
- ગેમઝોન - ભરપૂર એન્ટરટેઇન્ટમેન્ટ
- કુડકોર્ટ - ભરપુર વાનગીઓ
- મહાજનશ્રીના લાગા ભરવાનું સ્ટોલ
- જોબ જંકશન
- ભવ્ય ડેકોરેશન
- સરપ્રાઇઝ ઇનામો
- ભવ્ય સ્ટેજ

## જ્ઞાતિજનોને આહવાન્

★ આપના સ્ટોલ આજે જ બુક કરાવો ★ મેન-ગેટ, ગેમઝોન, ઇવેન્ટ સ્પોન્સર આવકાર્ય ★ આપના ધંધાકીય બેનરો આવકાર્ય ★ ફુટ કોર્ટ માટે કેટરર્સ આવકાર્ય ★ મુંબઈ મહાજનના મહાયજ્ઞમાં સમસ્ત મહાજન, વસ્તીપત્રક સમિતી, વિદ્યાર્થી સંઘ, ડોંબીવલી મંડળ, જનસંપર્ક અભિયાન માટે મુંબઇના તમામ પરાં જોડાયા હોવાથી વધુ ને વધુ સંખ્યામાં આપ પધારી દરેક સંસ્થાઓની પ્રવૃતિઓને વેગ આપવા - જોમ આપવા નમ્ર નિવેદન...

**મહાજન કાર્યાલય : ૦૨૨-૨૩૪૪ ૮૨૭૪, ૦૯૮૯૨૭ ૪૧૪૧૪**

**સ્ટોલ બુકીંગ માટે :- સ્ટીચ એલ - સંદીપ લોડાયા - મો. ૦૯૮૬૭૧ ૬૭૩૮૭**

**વિશેષ સંપર્ક : કન્વીનર અજય લોડાયા -૦૯૮૯૨૩ ૭૨૭૭૭ કન્વીનર - દેવેન ધરમશી : ૦૯૮૨૦૩ ૩૩૮૪૩**

**યુવા સમિતી :** ભાવીન સોની, જતીન ધરમશી, જયેશ મોમાયા, અમીત ધુલ્લા, કલ્પેશ મોમાયા, વીરેન્દ્ર લોડાયા, મનીષ ડાઘા, સમીર દંડ, બેલા મોતા, ચૈતાલી મોમાયા, હીતેન લોડાયા

# મૃત્યુનો મહોત્સવ

*- પ્રવીણ લોડાયા (વડોદરા)*

મૃત્યુને મહોત્સવ સમજવા માટે તો ઓશો રજનીશની ઉંચાઈ જોઈએ. પરંતુ એક સત્ય દરેકના કપાળે અંકિત થયેલું છે. આપણે બધા જ મરવા માટે જીવીએ છીએ. દરેક જીન્દગીનું એકમાત્ર અને આખરી સત્ય 'મૃત્યુ' છે.

મુસોલિનીને મરવું પડયું. હિટલરે પણ મત્યુની બાથમાં સૂઈ જવું પડયું. ગાંધીજી ગોળી ખાઈને સૂઈ ગયા. રાજીવ ગાંધી બ્લાસ્ટમાં હણાઈ ગયા. આ લખનાર પણ એક દિવસ આંખો મીંચી લેશે, અને ઈશ્વરોના દલાલ થઈને ફરતા દરેક બાવા-બાપુને પણ અમરત્વ મળવાનું નથી.

એક ઇટાલિયન કહેવત છે કે મૃત્યુ પછી દરેકનું માપ એક જ હોય છે : છ ગજ જમીન. અને આપણા છેલ્લા પોશાકમાં ખિસ્સા હોતા નથી એવી પણ એક ઇટાલિયન કહેવત છે.

ઓશો રજનીશે આ પ્રસંગ અનેક વખત ટાંક્યો છેઃ

એક સ્ત્રીનું બાળક અવસાન પામ્યું એટલે તે ભગવાન બુધ્ધ પાસે આવીને કરગરવા લાગી કે મારા બાળકને ફરીથી જીવતું કરી દો, બુધ્ધ જાણે છે કે આવી સ્થિતિમાં ઉપદેશ ચાલે નહીં.

તેમણે પેલી માતાને કહ્યું કે ભલે હું તારા બાળકને જીવતું કરી દઈશ. તું ગામમાં જઈને એક ચપટી રાઈ લઈ આવ. પરંતુ એક વાતની કાળજી રાખવાની કે રાઈ એવા ઘરમાંથી જ લેવાની કે જે ઘરમાં કદી કોઈ મૃત્યુ ન થયું હોય. સ્વાભાવિક છે કે પેલી માતાને આવું એકેય ઘર મળ્યું નહીં. તેને જ્ઞાન થઈ ગયું.

ઓશો કહે છે કે જીવન અને મૃત્યુ એકબીજા સામેના અલગ છેડા નથી. તેઓ તો એક જ સિક્કાની બે બાજુઓ છે. આ સત્ય સમજાય ત્યારે મૃત્યુ પણ એક મહોત્સવ બની જાય છે !

મૃત્યુ રાજાથી રંકને એક હરોળમાં લાવી દે છે અને મૃત્યુથી રાજા અને તેથી રંક પ્રજા એક સરખી રીતે કાંપે છે. મૃત્યુનો ડર લાગે છે. કારણ કદાચ એ હોવું જોઈએ કે મૃત્યુ પછી આપણે ક્યાં જઈએ છીએ તેની આપણને ખબર નથી.

સ્વર્ગ-નર્ક તો માણસની કલ્પના છે. ખોળિયું મૂકીને ચાલી નીકળેલાએ ક્યારેય રજીસ્ટર એ.ડી. કરીને જણાવ્યું નથી કે પોતે સ્વર્ગમાં છે કે નર્કમાં છે કે બીજા કોઈ સરનામા પર...

મૃત્યુની ગેરહાજરીને આપણે સ્વર્ગ-નર્ક નામના મનગમતા ખાનામાં મૂકી દઈએ છીએ પણ ક્યાંક વાંચ્યું હતું કે, મૃત્યુની સૌથી વધારે પીડા મરનારને નહીં, તેના સ્વજનોને થતી હોય છે.

મને જીંદગીના આ જ વાસ્તવમાં વિશ્વાસ છે મૃત્યુની પીડા. સ્વજનોને જ વધારે થાય છે કારણ કે મરનાર કે આત્મકલ્યાણના માર્ગે ચાલી નીકળનારો જીવ દુઃખી છે કે આનંદવિભોર છે કે સરકારી કચેરીમાં સામાન્ય માણસની જેમ ભટકી રહ્યો છે કે રાજકારણીઓની જેમ જલસા કરી રહ્યો છે કોને ખબર?

પૃથ્વીના બે પરમ સત્ય છે. **જીવન** અને **મૃત્યુ**. બીજા સત્યો વ્યક્તિ,સ્થળ, કાળ, સંસ્કૃતિ ને સમજ પર આધારિત છે.

ફૌજીનું સત્ય હિંસા અને તાકાત છે. સંતનું સત્ય અહિંસા અને ક્ષમા છે. જીવન અને મૃત્યુ વચનની જેમ જીવ અવગતે ગયો છે કે બીજા કોઈક સ્થળે અવતર્યો છે એની ખબર પડતી નથી એટલે એ મુદ્દો બાપુ-સાધુઓ માટે રાખી દેવો જ હિતાવહ છે.

કાર્નેલીએ કહ્યું છે કે જીવનની પ્રત્યેક ક્ષણ મૃત્યુ તરફની યાત્રા છે. આપણે આ યાત્રાના પ્રવાસી છીએ. તકલીફ એક જ છે કે પ્રવાસથી આપણે એટલા ટેવાઈ જઈએ છીએ કે પછી મુકામ ગમતો નથી. પણ મૃત્યુ એ અંત છે કે શરૂઆત?

લા બોમિલ માને છે કે જીવન એક સ્વપ્નાવસ્થા છે અને મૃત્યુ જાગૃતાવસ્થા. ફિલોસોફર સોક્રેટિસે મૃત્યુ સમયે પ્રશ્ન કર્યો હતો કે હું એ જાણવા માંગું છું કે મોતની ઘટનામાં કોણ મરે છે, મોત કે હું?

જ્યાં સુધી જીવન છે ત્યાં સુધી જ મૃત્યુ જીવે છે. મરેલાને મૃત્યુ આવતું નથી એટલે મૃત્યુ વખતે વ્યક્તિ નહીં પણ મૃત્યુ જ મરે છે. પરંતુ આવી વાતો પછી પણ મૃત્યુ માટે મહોબ્બત જાગતી નથી. ડર કાયમ રહે છે.

હાર્ટ એટેકમાં વિકેટ પડી ન જાય એટલે ૫૮ વરસે વૉકિંગ ચાલુ થઈ જાય છે ! બ્લડપ્રેશરથી ફટાકડો ફૂટી ન જાય એટલે કેલેરીના હિસાબો થવા લાગે છે ! ૬૪ વર્ષે પૂરી શ્રધ્ધાથી બીડી છૂટી જાય છે. ઉમરસહજ થાક લાગે તો શ્વાસ અધ્ધર ચઢી જાય છે. અને શ્વાસ ચઢવા લાગે તો હૃદય બેસવા લાગે છે. રોટલી ગણીને ખાવામાં આવે છે !

ઓસામાણ, ફણગાવેલા કઠોળ, પરેજી સલાડ, કસરત, યોગા, મેડિટેશન, મૃત્યુનો ખોફ માણસને પોતાના શ્વાસોશ્વાસ ગણતો કરી દે છે, કારણ મૃત્યુથી મોટું સસ્પેન્સ એકેય નથી.

સ્વર્ગની, મોક્ષની વાતો કરનારા પણ મૃત્યુથી ડરે છે અને નર્કની ધમકી આપનારા પણ મૃત્યુની કાંપે છે.

ગુલઝાર "આનંદ" ફિલ્મ માટે લખેલું કે, એ મોત, તૂ એક કવિતા હૈ, પણ મોત એવી કવિતા છે કે જેને ગાવા માટે કોઈ તૈયાર નથી !

॥ જય શ્રી મોમાઈ માતાય નમઃ ॥

# શ્રી ડાઘા-માલદે ખેરાણી પરિવાર-દલતુંગી

## દ્દૂી પહેડી પ્રસંગે ભાવભર્યુ આમંત્રણ

આપણા કુળદેવી શ્રી મોમાઈમાંની મુંબઈમાં સળંગ ૬ઠ્ઠી પહેડીનું આયોજન સંવત ૨૦૬૯, પોષ સુદ બીજના તા.૧૩-૧-૧૩ના સંગીત-રાસગરબાની રમઝટ સાથે રાખવામાં આવેલ છે. આ શુભ પ્રસંગે સર્વે કુટુંબીજનો તથા પરિણિત નિયાણી બેહેનો-દિકરીઓને સહપરિવાર પહેડી-પ્રસાદ તથા દર્શન, આરતીનો લાભ લેવા પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

**-: શુભ દિવસ :-**
સં.૨૦૬૯ પોષ સુદ બીજ
રવિવાર, તા.૧૩/૦૧/૨૦૧૩
સવારે ૮ થી સાંજે ૭ સુધી



**-: શુભ સ્થળ :-**
હેરીટેજ એ.સી. હોલ, ગ્રાઉન્ડ ફ્લોર,
સિટી મોલ, પેંઢારકર કોલેજની બાજુમાં,
એમ.આય.ડી.સી., ડોંબિવલી (પૂર્વ)-૪૨૧ ૨૦૧.

**~ સંપૂર્ણ પહેડી-પ્રસાદના લાભાર્થી પરિવાર ~**
**માતુશ્રી નિર્મલાબેન ડુંગરશી શામજી માલદે** (દલતુંગી-ડોમ્બીવલી)

**~ શુભેચ્છા સૌજન્ય ~**

**Dharti Builders & Developers * Four Hand Builders & Developers**
A/11, Balkrishna Apt., Vishnu Nagar, Gupte Road, Dombivli (W) - 421 202.
Tel.: (0251) 2499779, 09323285402

જાહેર આમંત્રણ..... જાહેર આમંત્રણ..... જાહેર આમંત્રણ.....

દલતુંગી નિવાસી અમારા જન્મદાતા અને જીવનના પથદર્શક એવા અમારા **પૂ. પિતાશ્રી ડુંગરશી શામજી માલદેની** સ્મૃતીમાં ગૌમાતા તથા અબોલ પ્રાણીઓના લાભાર્થે આયોજિત ભવ્યાતિભવ્ય જાહેર કાર્યક્રમ



## લોક ડાયરો તથા સંતવાણી



જાહેર આમંત્રણ

**રવિવારને તા.૧૩/૦૧/૨૦૧૩, રાત્રે ૮.૦૦ કલાકે...**
**સ્થળ** : કે.ડી.એમ.સી. ક્રીડા મેદાન, ઘારડા સર્કલ, પેંઢારકર કોલેજની પાછળ, એમ.આઈ.ડી.સી., ડોંબિવલી (પૂર્વ) - ૪૨૧૨૦૨. સંપર્ક :૯૯૨૦૩૨૩૯૩૪ / ૯૩૨૦૬૭૦૧૩૪

લોકસાહિત્યનો લખલૂંટ ખજાનો રેલાવતા લોક કલાકારો :
**હમીરદાન ગઢવી અને સાથી કલાકારો ઉદય ગઢવી, ઉમેશ ગઢવી, જીગીશાબેન સોલંકી, નીલમબેન પ્રજાપતિ, ગંગાજી ઉસ્તાદ, જીતુભાઈ દ્વારકાવાળા**

**~ મુખ્ય અતિથી વિશેષો ~**

- **માનનીય શ્રી ભુપેન્દ્ર મુરજી દંડ** (લાખાણીયા-નવી મુંબઈ), ભુમીરાજ બીલ્ડર્સ એન્ડ ડેવલપર્સ)
- **માનનીય શ્રી આનંદ પરાંજપે** (સંસદસભ્ય (A.P.) ડોંબિવલી-કલ્યાણ ક્ષેત્ર)
- **માનનીય શ્રી રવિન્દ્ર (દાદા) દત્તાશેઠ ચૌહાણ** (ધારાસભ્ય (M.L.A.) ડોમ્બીવલી-કલ્યાણ ક્ષેત્ર)
- **માનનીય શ્રી રમેશ (દાદા) રતન પાટીલ** (ધારાસભ્ય (M.L.A.) ડોંબિવલી-કલ્યાણ ક્ષેત્ર)
- **માનનીય શ્રી પ્રકાશભાઈ મહેતા** (ધારાસભ્ય (M.L.A.) ઘાટકોપર)
- **માનનીય શ્રી મનિષ ભાનુશાલી** (બી.જે.પી. કાર્યકર્તા અને ભાનુશાલી સમાજ અગ્રણી-ડોંબિવલી)

લોકસંસ્કૃતિના આ અણમોલ કાર્યક્રમને માણવા સૌ જ્ઞાતિજનો તથા હિતેચ્છુ મિત્રોને પધારવા આમંત્રણ છે.



**~ નિમંત્રક ~**
**માતુશ્રી નિર્મલાબેન ડુંગરશી શામજી માલદે પરિવાર (દલતુંગી-ડોંબિવલી)**



## શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ – મુંબઈ યોજીત
## આદિપુર સમુહલગ્ન મહોત્સવ ૨૦૧૩ના 'કન્યાદાન'ના સહયોગી દાતાશ્રીઓની યાદી

સુવર્ણપ્લાઝા (મુલુંડ)
શ્રી સાઈલોજીસ્ટીક (સાંઘવ)
માતુશ્રી ગંગાબાઈ ભવાનજી લોડાયા (સાંયરા)
શ્રી ડી.પી. ઝવેરી (મુંબઈ)
શ્રી લાલજી શામજી પટેલ પરિવાર (સાંઘવ)
શ્રી પ્રવિણચંદ્ર મનસુખલાલ વસા
શ્રી લહેરચંદ નરશી લોડાયા (રાપરગઢ)
માતુશ્રી દમયંતીબાઈ હંસરાજ દંડ (સાંઘવ)
સુકન સાડી સેન્ટર હ. હીતેશ (સાંઘવ)
શ્રી દલાલ રમેશ પ્રાણજી તથા નવિનચંદ્ર માણીલાલ એન્ડ કાં. (નલિયા-વડાલા)
શ્રી વિનોદ શિવજી લોડાયા (કોચીન)
'પાંજો પ્રતિબિંબ' હ. ચંદ્રહાસ ખોના (સુથરી)
માતુશ્રી કુંવરબાઈ ધનજી મૈશેરી (નાનીસિંઘોડી)
માતુશ્રી નિર્મલાબેન નવિનચંદ્ર લોડાયા (સ્ટીચએલ)
શ્રી લાલજી લખમશી દંડ પરિવાર (પરજાઉ)
શ્રી અભયકુમાર ત્રીકમજી મૈશેરી (મોટીસિંઘોડી)
શ્રી વિરચંદ નરશી લોડાયા (રાપર)
શ્રી ગુલાબ ડુંગરશી ઘરમશી (સાંઘાણ)
માતુશ્રી લક્ષ્મીબાઈ ભવાનજી લોડાયા (નલિયા)
શ્રી નવીન નારાણજી મોમાયા (બાયઠ)
શ્રી નલીન પદમશી પીર (સુથરી)
માતુશ્રી નેણબાઈ હીરજી લોડાયા (સુથરી)
નાકાર જૈન ઉપકરણ ભંડાર મુંબઈ

શ્રી હીરાચંદ અરજણ પટેલ (બાંઢીયા)
શ્રી ધનજી ખીમજી લાલકા (વારાપધર)
રવિ કેટરર્સ અને નિર્મલા કેટરર્સ (નલિયા-લોનાવલા)
૯-૧૧ લોકલનો KDO ગ્રુપ (ડોમ્બીવલી)
શ્રીમતી ગીતાબેન વિનોદ ડાઘા (વરાડીયા)
શ્રી મધુકાંત મુકુંદજી ગડા (મધુબન)
શ્રીમતી મંજુલાબેન લહેરચંદ નાગડા (કોઠારા)
શ્રી જેઠાલાલ દેવશી ખોના (નલિયા)
માતુશ્રી માણીબાઈ કુંવરજી મોતા (સાંઘવ)
ઈન્ડીયન આર્ટ સ્ટુડીઓ (કાલબાદેવી)
ચંદ્રા લેમીનેશન (ડોમ્બીવલી)
શ્રી કાંતિલાલ ભવાનજી લોડાયા (સાંઘવ)
શ્રીમતી લીલાવંતી કુસુમકાંત લાલકા (વારાપધ્ધર)
શ્રી દિનેશ લાલજી અજાણી (કોઠારા)
શ્રી ભગુભા જેઠુભા ગોહીલ (સાંઘવ)
શ્રી ખુશાલ તિલકચંદ નાગડા (નલિયા)
શ્રી રામ સોમૈયા (ચુનાભટ્ટી)
શ્રી લક્ષ્મીચંદ રતનશી મોમાયા (સુથરી)
શ્રી ભુપેન્દ્ર લક્ષ્મીચંદ ડાઘા (ગોએરસમા)
માતુશ્રી ગુણવંતીબેન ભરત મોતા (સાંઘવ)
શ્રી ડુંગરશી મુલજી મોતા (તેરા)
શ્રી પ્રવિણ ધારશી નાગડા (લાલા)
માતુશ્રી સરલાબેન યુવરાજ મોમાયા (સાંયરા)

શ્રી નિરંજન ભાણજી લોડાયા (દલતુંગી)
શ્રી માણેકજી મેઘજી લોડાયા
શ્રી તિલકચંદ ભવાનજી મોમાયા (જખૌ)
મા. કસ્તુરીબાઈ ખેતશી શિયાડ (જખૌ)
શ્રી કૌશલ અશોક સંગાણી (મલાડ)
દલાલ પ્રફુલ લીલાધર (ખોંભડી-મુલુન્ડ)
શ્રી દામજી નરશી ઘ્રોળ
શ્રી શાંતિલાલ નેણશી શાહ (માંડવી)
મહાવીર સ્ટીલ સેન્ટર (નરેડી)
શ્રી દિલીપભાઈ ઠક્કર (ભુજ)
શ્રી વિરાજ અને ધ્રુવીલ લોડાયા (મોટીખાવડી)
માતુશ્રી લીલબાઈ માણેકજી દંડ (સાંઘવ)
શ્રી રૂષભ સ્ટીલ (મુંબઈ)
શ્રી ચેતનભાઈ ચંદે (ભુજ)
શ્રી મેઘજી કુંવરજી ખોના (સાંઘવ)
મે. ગાલા નોવેલ્ટી
શ્રી વરૂણ વિનોદ લાલકા (વારાપધ્ધર)
શ્રી હરીશભાઈ શાહ (મુલુંડ)
શ્રી ચાંપશીભાઈ ડી. રાઠોડ (વાંકુ)
શ્રી દિલીપ ઠક્કર (મુલુન્ડ)
પ્રભા નિતીન ઘરમશી (સાંઘાણ)
મે. શક્તિ ચિક્કી હ. શ્રી ધનજીભાઈ
શ્રી શાંતિભાઈ (લોનાવલા)

**ઋણસ્વીકાર :** શ્રી શાંતિજિન ગ્રુપ-મુંબઈ સમુહલગ્નોત્સવની પરંપરામાં સહભાગી થઈ ઉદારદિલે પોતાનું યોગદાન આપી, સમાજોપયોગી સેવાકાર્યને પ્રોત્સાહિત કરી, નવપરણિતોને ભેટ સોગાદ આપનારા અને ઉચ્ચ ભાવનાએ "કન્યાદાન" લાભ લેનારા અમારા સર્વે હિતેચ્છુ મિત્રો - જ્ઞાતિદાતાઓ સૌના સહૃદય આભારી છીએ. આપ સૌના દિલદાર સહયોગ, સૌજન્ય અને સહકારની કદરદાન નોંધ લઈ અનુમોદના કરીએ છીએ. હરહંમેશ સુકૃતોની આવી જ ભલી લાગણી વરસાવતા રહેશો એવી આશા અને આભાર સાથે,

**શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ-મુંબઈ**

**જયેશ જૈન** (અધ્યક્ષ)

**ગોવિંદજી લોડાયા** (ઉપાધ્યક્ષ)

## કાવ્ય-પ્રકાશ : ફૂલઝરીયું

કેર ચેતો સંગ તેડો રંગ અચે,
માડુ શિયાળ ભેરો નતો રે છતાં લુચ્ચો પેઈ વેનેતો
માડુ વાઘ ભેરો નતો રે છતાં ક્રૂર થઈ વેનેતો
માડુ કૂતે ભેરે રેતો છતાં વફાદાર નતો પેઈ વેને !

★★★

પાં ટેન્શનમેં રોબો ત ગાલતેં અચીંધા પીમ્પલ્સ,
પાં જમાર રુંધે રોબો ત પાંકે અચીંધા રીન્કલ્સ
પાં હમેશા ખેલંધા રોબો ત ગાલમેં અચીંધા ડીમ્પલ્સ
પાં ખેલંધા ને ખેલાઈંધા રોબો ત જીવન ભનધો સીમ્પલ!

★★★

ચુપ રેઈને સેન કરેજી આધત પેઈ વેઈ આય,
ભગવાન જેડો જીવન ડેને તેડી જીવેજી આધત પેઈ વેઈ આય,

★★★

ભગવાન મુંકે ખપે સે ભલે ન ડેને,
પણ મુંજી જરૂરિયાત વેઈ એનથી વધારે ડેને!

*- શાહ મધુકાંત વિશનજી (ઘાટકોપર)*

॥ જય શ્રી અંબે માતાય નમઃ ॥

કચ્છ નલિયા ગામમાં **મોતા ફરીયા**માં બિરાજમાન **ઘરમશી ગોત્ર**ના કુળદેવી શ્રી અંબેમાંને નમતા નલિયા, જખૌ, સાંયરા, છાદુરા ગામનાં ભાવિકો,

નલિયામાં બિરાજમાન આપણાં કુળદેવી શ્રી અંબેમાંની પાંચમી સમુહ પહેડી ચૈત્ર શુદ ૧૩/૧૪/૧૫, બુધ, ગુરૂ, શુક્રવાર **તા.૨૪-૪ થી ૨૬-૪-૨૦૧૩**ના ત્રણ દિવસનો કાર્યક્રમ રાખેલ છે.

આ શુભ અવસર પર સર્વે **ઘરમશી પરિવાર**નાં ભાવિકો ત્યાં નિયાણી દીકરીઓને સહકુટુંબ પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

**નોંધ :** આપશ્રી કુટુંબનાં કેટલા જણાં પધારવાનાં છો તેની જાણ અગાઉથી કરશો જેથી વ્યવસ્થા સાચવવામાં સુગમતા રહે.)

**-: નિમંત્રક :-**

**શ્રી અંબેમાં ઘરમશી પરિવારનાં જય અંબે**

સંપર્ક :- **લલીત નરશી ઘરમશી (મુલુંડ)**
ફોન : 25686030 / મો.09322231116
**ઘર્મેશ જાદવજી ઘરમશી (ઘાટકોપર)** 9833872899
**દીપેશ લક્ષ્મીચંદ મોમાયા (ડોંબિવલી)**
(0251)2880823/09323003032

## ભાવભીની શ્રધ્ધાંજલિ

જન્મ
તા.૦૭-૦૭-૧૯૩૪



અરિહંતશરણ
તા.૨૯-૧૨-૨૦૧૧

**સ્વ. શા. અમરચંદ હંસરાજ ડાઘા (ભાટે)** (ગોએરસમા-ધુલીયા)

અશ્રુઓ સુકાઈ ગયા આંખમાં,
શબ્દો અટવાઈ ગયા શ્વાસમાં,
મુત્ય અચાનક છિનની ગયું તમને
પરંતુ જીવીશું સદા અમો તમારી યાદમાં...

**-: શ્રધ્ધાસુમન અર્પણ કરનાર :-**

પત્ની : **ગં.સ્વ. મીનાબાઈ અમરચંદ ડાઘા**
પુત્ર-પુત્રવધુ : **સૌ. પ્રતિમા ડુંગરશી** (ડિવીટ) **અમરચંદ ડાઘા ● સૌ. મનિષા વિનોદ અમરચંદ ડાઘા**
દિકરી-જમાઈ : **સૌ.પ્રેમિલા દિપક વિરચંદ ફુરૂવા**(ઔરંગાબાદ) ● **સૌ.દિપા અજય કલ્યાણજી ગોસર**(સંઘવા)
ભત્રીજી-જમાઈ : **ગં.સ્વ.કુસુમબેન રતિલાલ ગોસર** (ડોમ્બીવલી) ● **સૌ.ગુણવંતી ભાઈલાલ રૂપશી દંડ** (પાલઘર)
ભત્રીજા-ભત્રીજાવહુ : **સૌ. જ્યોતી ભુપેન્દ્ર લક્ષ્મીચંદ ડાઘા** (ડોમ્બવલી)
પૌત્ર : **ચિ. પ્રિતેશ, યશ, હર્ષ** ● પૌત્રી : **ચિ. ભાવિકા, યેનીશા** ● દોહિત્ર-દોહિત્રી : **ચિ. સોનલ અને હર્ષલ**



## મરમજા મોતી : બે પંક્તિમાં અંકિત કવિ "તેજ"ની અમૃતવાણી... (૧૭)

*- સોમ ઘરમશી* (કચ્છ)

***ભાવર ભેરા થીએં તાં ખિલધિલ ને રેઆણ,***
***માજન ભેરો થીએ તાં તિડ-વિડ ને તાણ !***

**ભાવાર્થ** : રેઆણ : નિરાંતનો મેળાવો ઉપરની પંક્તિઓમાં નિર્દેશન કરેલ દૃશ્યો આપણાં ઘરોમાં અને સમાજમાં ઘણે ઠેકાણે દ્રષ્ટિગોચર થતાં હોય છે અને તેથી કવિની નજરથી છુપા રહ્યા નથી.

કવિશ્રી ઘણા વરસો સુધી, મહાજન, સંસ્થાઓની કાર્યકારીણી અને ટ્રસ્ટીઓની મિટીંગોમાં હાજર રહ્યા છે તેથી તેમાં થતી બિનજરૂરી ચર્ચા, વાદવિવાદો અને ક્યારેક વાતવાતમાં લેવાતા વ્યક્તિઓ દ્વારા વાંધાઓથી (ટીકાટીપ્પણ)થી તેઓ સુપેરે માહિતગાર છે અને તેવી મનોદશાનું દર્દ અનુભવ્યું છે જે વલણને હૃદયનાં ભાવોએ કલમથી છલકાઈને કાગળ પર અંકિત કર્યા છે. કવિ ઈશારો કરે છે કે, મહાજન તો સર્વોપરી ગણાય અને ગામ માટે કે જ્ઞાતિનાં હિતોપયોગી કાર્ય માટે ભેગું થાય ત્યાં વાદવિવાદ કે તડ-ફળ અને તણાવને સ્થાન ન જ હોવું જોઈએ. જેમ કુટુંબ કબીલામાં પ્રેમાળ ભાઈઓ પરસ્પર મળે અને ખરા દિલથી, એકમેકનું ભલું ઈચ્છે તેમાં સ્વાર્થ ન હોય અને નિરાંતનું આ મિલન અતિ ઉત્સાહ અને પ્રેમથી ઉજવાય અને જયારે છુટા પડે ત્યારે તેનાં મીઠાં સંભારણાનું ભાતું સાથે હોય એવી રીતે પણ મહાજન પણ સાથે મળે તો?

પણ આજે આ યક્ષ પ્રશ્ન છે. આજે અહમ્ ટકરાવ ભાઈ-ભાઈ વચ્ચેનાં સંબંધનો સેતુ તોડી નાખે છે તો મહાજનની સભાઓમાં બાથંબાથી થાય તેમાં નવાઈ શું? જો મહાજનમાં એકત્ર મળનારી વ્યક્તિઓ પોતાનો અહમને તજી સમજણપૂર્વક જ્ઞાતિ હિતને નજર સમક્ષ રાખી કાર્ય કરે તો જ્ઞાતિ પ્રગતિનાં પંથે શ્રેષ્ઠ વિકાસ સાધી શકે. એમાં કોઈ બેમત નહીં.

આ સાથે, શાયર શ્રી મરીઝની આવોજ કાંઈક સાર સમજાવતી બે પંક્તિઓ યાદ કરીએ.

*લાખો લોક દિલ વગર મળે, તેને સભા નથી કહેતા મરીઝ !*
*બે જણ દિલથી મળે તો તે મિજલિસ કહેવાય છે....*

## મિલા જરાસા - પરીણામ બડા હો ગયા !

જરાસા વ્યાપાર મિલા - અહંકાર હો ગયા
જરાસા ધન મિલા - બેકાબૂ હો ગયા
જરાસા જ્ઞાન મિલા - ઉપદેશ કી ભાષા શીખ લી
જરાસા સન્માન મિલા - પાગલ હો ગયા !
જરાસા અધિકાર મિલા - દુનિયા તબાહ કર દી
જરાસા યશ મિલા - દુનિયા પર હસને લગા
જરાસા રૂપ મિલા -દર્પણ હી તોડ ડાલા !

*- સૌ. અંજુ લહેરચંદ નાગડા (યવતમાલ)*

**ભુલસુધાર :** પ્ર.સ.અંક ૫૧ પાના નં.૧૭ ઉપરની જા.ખ.માં ભુવાશ્રીની ગંધી બદલવાના કાર્યક્રમની તા.૨૫-૪-૧૩ના બદલે સુધારીને **તા.૨૪-૪-૧૩** વાંચવી.

અંક નં.૫૧માં પાના નં.૨ ઉપર મિખિલ મણિકાંત ઘરમશી (કોઠારા-રાયપુર) B.Sc. (Neutical Science-Marine)ને હાર્દિક અભિનંદનની જાહેરાતમાં ટેલીફોન નંબર **9481293083** સુધારીને વાંચવા.


શુભેચ્છા સહ...
Laxmichand Dharshi
**MOTA SHIPPING AGENCY**
C.H.A.No.11-0404



**SHREE KDO STUDENTS ASSOCIATION**
UPCOMING ATTRACTIONS......

**"KHEL KDO KHEL"** - SPORTS 2013
&
**"WAR OF TALENTS"** -
AN ART COMPETITION
ON 20TH, 25TH AND 26TH JAN. 2013.

**A MOTIVATIONAL PROGRAMME**
IN FEBRUARY 2013.

FOR THE FIRST TIME FOR ALL OUR
SUPPORTERS AND WEL-WISHERS
**" CALENDER - 2013 "**
**By VIDYARTHI SANGH**
DON'T FORGET TO COLLECT IT...

Further Details :
**Mayank : 90222 95750**
**Hemil : 98199 85339**




**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### શ્રી સમસ્ત ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન

પુનર્જિવિત કરાયેલ સમસ્ત મહાજન છેલ્લા બે વર્ષથી સક્રિય રહી સૌ વચ્ચે સમન્વય-સંકલનની ભૂમિકા ભજવી જ્ઞાતિમાં જનજાગૃતિ-સંપર્ક વધારી રહ્યું છે સમસ્ત મહાજનનું ટ્રસ્ટબોર્ડ અને મહાસમિતિની વિવિધ મહાજનોના પ્રતિનિધિઓની નિમણુંક પુરી થઈ હોઈ સમગ્ર જ્ઞાતિ એક તાંતણે સુગ્રથિત થઈ છે. મહાજન પરંપરાને વધુ સક્રીય, સંગીન અને પરીણામલક્ષી બનાવવા એક કેન્દ્રવર્તી સંસ્થાનો મજબુત આધાર સાંપડ્યો છે.

હાલમાં યોજાયેલ જનજાગરણ સંપર્ક અભિયાનને સુંદર પ્રતિસાદ મળ્યો છે અને તેના પરીણામે સર્વે સંસ્થાઓ-મહાજનોમાં જાગૃતિ-સક્રિયતા જોવા મળી છે. નવા મહાજનો રચાયા અને કેટલા પુનઃજિવીત થયા.

તા.૨૬-૨૭/૧/૧૩ના વિવિધ મીટીંગો મુંબઈમાં મળી રહી છે. જેમાં જ્ઞાતિસ્તરે સર્વે મહાજનો/સંસ્થાઓના પ્રતિનિધિઓ, આગેવાનો અને કાર્યકર્તાઓની એક સભા ગોઠવાઈ છે. જ્ઞાતિની સામપ્રત સમસ્યાઓ અને સર્વાંગીણ પ્રગતિ વિષે વિચાર મંથન થશે. સૌના સુચન માર્ગદર્શન સાથે જ્ઞાતિસ્તરીય ઉદ્ભવતી અને સંતોષાતી શૈક્ષણિક, વૈદકીય અને સાધર્મિક સહાયતાના માળખાને સુગ્રથીત કરી ઉપલબ્ધ થનાર ડેટાના આધારે આખું ચિત્ર તૈયાર કરી શકાશે અને સામાન્ય જ્ઞાતિજનને સહજતાથી સમયબધ્ધ અને સ્વમાનભેર સહાયતા આપી “વન વિન્ડો સીસ્ટમ” લાવવાનો હેતુ મુખ્ય છે.

એ પછી સમસ્ત મહાજનની ધાર્મિક-વ્યવહારિક સંસ્કરણ સમિતિ દ્વારા ભારતભરમાં જ્ઞાતિ સમુહ પ્રવાહે વિવિધ સ્થળે ઉગતી પેઢી માટે ધર્મ, ગચ્છ, જ્ઞાતિ અને સામાજિક-વ્યવહારિક પ્રાથમિક સંસ્કરણ શિબિરોનું આયોજન અભિયાન શરૂ થશે.

આ પ્રયોગની પ્રથમ શિબિર વડોદરા મુકામે તા.૩-૨ના સવારે ૯ થી ૪માં યોજાઈ રહી છે. આ ઉપરાંત જ્યાં જ્યાં મહાજનો ગોઠવવા ઈચ્છતા હશે ત્યાં ત્યાં આવી સંસ્કરણ શિબિર યોજી જ્ઞાતિની ઉગતી પેઢીને જ્ઞાતિ સાથે લગાવ કેળવવા ધાર્મિક-સામાજિક પરંપરા-પ્રથાની પ્રાથમિક પાયાની સમજણ અપાશે.

જ્ઞાતિ જનજાગરણ અભિયાનની કાર્યવાહીરૂપે ઉપસ્થિત થયેલ જ્ઞાતિપ્રશ્નોના ઉકેલ માટે સંબંધિત સંસ્થાઓને પત્રલખી માર્ગદર્શન કરાયું છે અને જ્ઞાતિસુરની જાણ કરાઈ છે. એ ઉપરાંત મુંબઈમાં અતિથીગૃહ નિર્માણ બાબતે પણ મુંબઈ મહાજન સાથે મળી પહેલ કરવા બેઠકો યોજાઈ.

આ ઉપરાંત લવાદપંચ, વતનની મિલકતો-ખેતરો સંબંધી માર્ગદર્શન કરવા સમિતિ, મેડીકલ સારાવારાર્થે મુંબઈ પધારતા જ્ઞાતિજનો માટે માર્ગદર્શન સમિતિ અને ધાર્મિક-સાાજિક સંસ્કરણ સમિતિનું ગઠન કરી તે અંગે જ્ઞાતિજનોના પ્રશ્નો સમજવા અને ઉકેલ લાવવા મદદરૂપ થવાશે. દરેક સમિતિ સભ્યોના સંપર્ક ફોન નં. અપાયા છે તે મુજબ સંપર્ક કરી લાભ લઈ શકાશે.

### શ્રીમતિ દિપ્તી તરૂણ નાગડા

શ્રીમતિ દીપ્તીબેન નાગડા શ્રી હીરજી ભારમલ નાગડા બાલમંદિર શાળામાં ૨૨ વર્ષથી પ્રિન્સીપલ છે. તેમનું બહુમાન શાળાના ભુતપુર્વ ૩૦૦ છાત્રોએ તા.૮-૧૨-૧૨ના શ્રી અમુલખ અમીચંદ વિદ્યાલય-માટુંગામાં ઋણ કૃતજ્ઞતાભાવે બહુમાન કરવામાં આવેલ. આ પ્રસંગે શાળાના શિક્ષકોનું પણ બહુમાન કરવામાં આવેલ.

### શ્રી દક્ષિણ ભારત ક.દ.ઓ. જૈન એકમ

એકમની ૭૧ મી કાર્યકારિણી સમિતિની સભા તા.૨૩-૧૨-૧૨નાં મળવાની હતી તે અનિવાર્ય સંજોગોને લીધે મુલતવી રખાઈ.

“કચ્છીભવન”નો લાભ બેંગલોર, પધારતા જ્ઞાતિજનો




**ABDASA (KACHCHH) GAUSHALA TRUST**



**Trust Regn. No. E–2071 – Kachchh • P. A. No. AABTA 7039 A**

C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia),
Dist. Kachchh (Bhuj), Gujarat State, Pin Code - 370 645 • Tel. : (02831) (952831) 273256

**Mumbai Office :** 602-B, Prem Nagar No. 6, M.C.F. Udyan Marg, Borivali (W), Mumbai - 400 092.
Tel. : 2893 6173 / 2890 4500

લઈ રહ્યા છે અને સુંદર સગવડતા બદલ ખુશી દર્શાવે છે. શ્રી ડલેશ જવેરચંદ મોમયા (ચાલીસગામ) અત્રે પધારેલ ત્યારે અતિથીગૃહની વ્યવસ્થા તથા એકમની પ્રવૃતિઓથી પ્રભાવીત થઈ મુખ્ય સ્તંભદાતા (ગોલ્ડન સભ્ય) તરીકે રૂ ા.૨૫૦૦૦/- અનુદાન મોકલાવેલ જે સાભાર સ્વીકારાયેલ.

એકમને બાકી રહેતા ૧૧ રૂમો માટે દરેકનો રૂા.૨૫૧૦૦૦/- અને નવી ઓફીસ રૂમ માટે નામ લખવાની શરતે નકરો રૂા.૧૧,૦૦,૦૦૦/- મુખ્ય સ્તંભદાતા (Golden Member) રૂા.૨૫૦૦૦/- તથા સહાયક સ્તંભદાતા (Silver member) રૂા.૧૧,૦૦૦/- વગેરે વિવિધ યોજનામાં જ્ઞાતિજનોને સહયોગ આપવા અપીલ કરાઈ છે.

## વડાલાથી ગુરૂભગવંતોનો વિહાર

વડાલા શ્રી સંભવનાથદાદાના જિનાલય ઉપાશ્રયે ચાતુર્માએ બિરાજમાન પૂ.સા.ગુણમાલાશ્રીના પ્રશિષ્યા પૂ. સા. હિતપ્રજ્ઞાશ્રીજી આ.ઠા.૩ શાનદાર આરાધના કરી-કરાવી.

તા.૨૯-૧૧-૧૨ના વહેલી સવારે ચાતુર્માસિક વિહાર કરેલ. પૂ.સા.શ્રી ગુણમાલાશ્રીજી મ.સા.ને શ્રી ખુશાલ ખેતશી વિસરીયા પરિવારે ઉછામણીથી પૂ.શ્રી ને કાંબલી વ્હોરાવાનો લાભ લીધેલ પૂજ્યશ્રીએ માંગલિક સંભળાવેલ. જયનાદ સાથે સવારના ૬.૩૦ના પૂ.સા.શ્રીએ સકળ સંઘ સાથે શિવડી તરફ વાજતે ગાજતે પ્રયાણ કરેલ. વિહારમાં ૮૦ થી ૯૦ જણાં જોડાયા હતા. પૂજ્યો અને સકળ સંઘને ખુબ આનંદ થયો. સંઘના ભાઈબહેનોએ પૂ.સા.શ્રી સાથે વાજતે ગાજતે જયનાદ કરતાં વડાલાથી અડધા કલાકે શ્રી આદીનાથ જિનાલય, શિવડી સંઘના ભાઈબહેનોએ સંઘનું શાનદાર સ્વાગત કરેલ. પૂ.આ.શ્રી સાથે સકળ સંઘે દેવદર્શન તથા ચૈત્યવંદન વિધિ કરેલ. પૂજ્યશ્રીએ વ્યાખ્યાન ફરમાવેલ તેમજ માંગલિક સંભળાવેલ બાદ સૌએ નવકારશીનો લાભ લીધેલ. રૂા.૧૫/-ની પ્રભાવના થયેલ.

## શ્રી મોડપર સુપાર્શ્વનાથ જૈન તીર્થે મહોત્સવ

૪૦૦ વર્ષથી પ્રાચીન મોડપુર તીર્થ (હાલાર)માં સુપાર્શ્વનાથ જિનાલયના આમલસર-ઉંબરા સ્થાપના નિમિતે યોજાયેલ મહોત્સવ ઉલ્લાસ અને ઉમંગ સાથે સંપન્ન થયેલ. આ મહોત્સવમાં તા.૧૮-૧૧-૧૨ના શુભ મુહૂર્તે આમલસર અને ઉંબરા સ્થાપના ધામધુમથી થઈ. પૂ.આ.શ્રી કલાપ્રભસાગરસુરીજીની પ્રેરણા-માર્ગદર્શને જીર્ણોધ્ધાર સહ નવ-નિર્માણ થઈ રહ્યું છે. સંપુર્ણ દેરાસર સંગેમરમર યુક્ત સફેદ આરસમાં કલાત્મક કોતરણી સાથે દેદીપ્યમાન શોભા રહ્યું છે. આ જીર્ણોધ્ધારનું કાર્ય બે વર્ષના ટુંકા સમયમાં પૂર્ણતાના આવે પહોંચવામાં છે. લાભ પાંચમના શુભ પ્રભાતે નવકારશી બાદ મોડપર તીર્થે સ્નાત્રપૂજા ભણાવાઈ. બપોરે પંચકલ્યાણક પૂજા ભણાવાઈ. આજુબાજુથી મોટીખાવડી, રંગપુર, દલતુંગી, ભરૂડીયા, નાનીખાવડી, ગોરખડી અને જામનગરના લગભગ ૧૨૫ જ્ઞાતિજનો પધારેલ.

આ પ્રસંગે જ્ઞાતિજનોની હાજરીમાં દેરાસરના શિખરે છેલ્લો પથ્થર આમલસરની સ્થાપનાની ઉલ્લાસભેર ઉછામણી બોલાઈ. જેનો લાભ ૧૫૧૫ જણમાં માતુશ્રી ચંપાબેન લધુભાઈ ધરમશી પરિવાર હસ્તે સૌ. સરલાબેન કાંતિલાલ ધરમશીએ લીધેલ. સૌ. સરલાબેન કાંતિલાલ ધરમશી આ દેરાસરના પ્રતિમાની ઉત્થાપનાથી આજ સુધી ૧૦૮ અઠ્ઠમ તપ પૂર્ણ કરેલ છે. દર મહીને એક અઠ્ઠમ તપ આ તીર્થનું જિનાલય વહેલી તકે અને નિર્વિઘ્ને પૂર્ણ થાય તે નિમિતે ભાવિકો દ્વારા તપસ્યા ચાલુ છે.

પૂ.આ.શ્રીની પ્રેરણાએ સાંકળી અઠ્ઠમતપ ચાલુ રાખવાની ભાવના છે. એમના હસ્તે આમલસરની સ્થાપના થઈ.

ગંભારાના ઉંબરા સ્થાપનાનો ૧૫૧૫ મણની ઉછામણીથી માતુશ્રી જયાબેન કુંવરજી ધરમશી પરિવારે લીધેલ. પૂજ્યશ્રીએ સુરીમંત્ર અભિમંત્રિત વાસક્ષેપ મોકલાવેલ જેનાથી આ પ્રસંગે પુજા કરાઈ હતી.

આ પ્રસંગે વિધિવિધાન શ્રી શાંતિલાલ ટોકરશી લાપસીયા અને શ્રી તિલકચંદ જયંતીલાલ ખોનાના માર્ગદર્શન હેઠળ થયેલ. આ પ્રસંગે મુંબઈથી શ્રી પંકજ કેશવજી ધરમશી (પ્રમુખ-ટ્રસ્ટી) શ્રી જીવરાજ કીલાચંદ નાગડા (ટ્રસ્ટી) અને શ્રી મનોજ ભવાનજી ખોના (ટ્રસ્ટી) પધારેલ. દેરાસરના બાંધકામની પ્રગતીથી સંતુષ્ટ થઈને કારીગરોને અભિનંદન અને બક્ષીસ આપી નવાજ્યા હતા.

સર્વે જ્ઞાતિજનો માટે સુરૂચિ ભોજનની વ્યવસ્થા ટ્રસ્ટ વતી રંગપુર મુકામે રાખવામાં આવેલ.


યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
TAN MAN® TOURS & TRAVELS
દાદર
મુલુંડ
પાર્લા
9323360708 • 25903514-5-6
24160708 • 32960708 • 65005758
tanmantravels@yahoo.co.in

શ્રી તિલકચંદ નરશી જેઠાભાઈ દંડ (વરાડીયા-મલકાપુર) ના વીરચંદ નરશી ગ્રુપને કપાસક્ષેત્રે મળેલ 'લાઈફ ટાઈમ એચીવમેંટ એવોર્ડ' બદલ હાર્દિક અભિનંદન અને વધુ ઉન્નતિની શુભેચ્છાઓ...
- "તન-મન" પરિવાર

SHIKHARJI'S FIRST & ONLY HOTEL WITH FACILITY LIKE ★★★
SHIKHARJI Continental ™
MADHUBAN - JHARKHAND
શીખરજીની સર્વ પ્રથમ અને એકમાત્ર આપણી પોતાની ★★★જેવી સુવિધાયુક્ત AC હોટલ

## શ્રી વારાપીર ઓલીયાની સમુહ પહેડી

વારાપધર મહાજન અને યુવક મંડળના ઉપક્રમે ગામધણી વારાપીરની સમુહપહેડી રવિ તા.૧૩-૧-૧૩ના સાંજે ૫ થી ૯ માં શેઠ નરશી નાથા બેન્કવેટ એ.સી. હૉલ ભાંડુપમાં યોજાશે. સર્વે ભાવિકોને પધારવા આમંત્રણ છે. આ પહેડીનો લાભ માતુશ્રી પ્રેમીલાબેન સોમચંદ નાગડા પરિવારે લીધેલ છે.

## દીક્ષા વરસીદાનનો વરઘોડો

મુમુક્ષુ કુ. દિશા જયચંદ લોડાયા (કોઠારા-મસ્જીદબંદર)ની સંયમ જીવન પદાર્પણ નિમિતે અનુમોદનાર્થે શોભાયાત્રા રવિ. તા.૧૩-૧-૧૩ના સવારે ૯ વાગે અનંતનાથ જિનાલયેથી પૂ.સા.શ્રી વિપુલગુણાશ્રીજી મ.સા.આ.ઠા. અને યતિશ્રીની નિશ્રામાં નીકળશે. એ પ્રસંગે સર્વે જ્ઞાતિજનોને પધારવા આમંત્રણ છે. મુંબઈ મહાજનશ્રીના ઉપક્રમે સર્વે સંઘો-સંસ્થાઓ વતી બહુમાન સમારંભ યોજાશે. ત્યારબાદ બપોરે સ્વમીવાત્સલ્ય સંઘજમણ છે. એમની દિક્ષા બુધ તા.૨૩-૧-૧૩ના સુમતિનાથ જિનાલય મુલુન્ડ (ઇ)માં પૂ.આ.શ્રી કલાપ્રભસાગરસુરીજી દ્વારા પ્રદાન થશે.

## શ્રી તિલોકચંદભાઈ દંડને લાઇફ ટાઇમ એચીવમેંટ એવોર્ડ

મધ્યપ્રદેશ કોટન એસો. દ્વારા મે. વીરચંદ નરશી એન્ડ કાં. ને કપાસક્ષેત્રે સતત સફળ પ્રગતિશીલ વ્યાપારની શ્રેષ્ઠ કારોબાર નોંધાવતાં લાઈફટાઈમ અચીવમેંટ એવોર્ડ એનાયત કરી સન્માનિત કરાયા. કોટન ઉદ્યોગમાં નેત્રદિપક કામગીરી બદલ રાજ્યના આ ઉચ્ચ સન્માન માટે તેમની પસંદગી થઈ હતી. મે. વીરચંદ નરશી એન્ડ કાં ગ્રુપ છેલ્લા કેટલાયે વર્ષોથી વિવધ પ્રતિષ્ઠાન દ્વારા દંડ પરિવારની ત્રણ ત્રણ પેઢીની કાબેલીયતભરી કામગીરીથી કોટન વ્યાપાર ક્ષેત્રે પ્રગતિના શિખર સર કર્યા છે. મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેસ સરકાર દ્વારા વિભિન્ન કામગીરી માટે અનેક એવોર્ડ પારિતોષિક મળ્યા છે.

આ પ્રકારે શ્રી તિલોકચંદભાઈ દંડના નેતૃત્વમાં દંડ પરિવાર ટીમે જ્ઞાતિને ગૌરવ અપાવ્યું છે. આ સિધ્ધિ બદલ હાર્દિક અભિનંદન અને વધુ યશસ્વી ભાવિની શુભેચ્છાઓ.

## નિલેશ શીવજી કિમશી ICAIમાં ફરી ચુંટાયા

સીએ નિલેશ શીવજી વિકમશી ICAIની સેન્ટ્રલ કાઉન્સીલમાં ફરી ચુંટાયા છે. આ સિધ્ધિ બદલ હાર્દિક અભિનંદન અને ઉત્તરોતર પ્રગતિની શુભેચ્છા.

## મુંબઈ મહાજનશ્રી દ્વારા આનંદ-વ્યાપાર મેળો

મુંબઈ મહાજનશ્રી દ્વરા સતત ત્રીજા વર્ષે આનંદ-વ્યાપાર મેળાનું આયોજન કરાયું છે. આ મેળો તા.૨૬ અને ૨૭-૧-૧૩ના બે દિવસીય કાર્યક્રમથી ભરચક હશે. જ્ઞાતિના યુવા-મહિલા અને ગૃહઉદ્યોગ, વ્યાપાર, વ્યવસાય, વિવિધ સેવાઓ હુન્નર ઉદ્યોગ, કલા કસબ અને નિપુણતાને પ્રોત્સાહિત કરવા વિશાળ પાયે આયોજન કરાયું છે. આ મહા કાર્યક્રમ મુલુન્ડમાં નીલમ રીયલ્ટીના મેદાનમાં ભરાશે (કંટેનરયાર્ડ). શનિ. તા.૨૬-૧ના સવારે ૯.૩૦ કલાકે બે દિવસીય મેળાનું ઉદ્‌ઘાટન સમારોહ, ૧૦ થી ૧૧ રાષ્ટ્રધ્વજ વંદન અને યુવાઓ દ્વારા વિવિધ કાર્યક્રમો, ૧૧થી ૫ માં રમતગમત, અને એ સમય દરમ્યાન સમસ્ત મહાજન દ્વારા ટ્રસ્ટ બોર્ડ અને મહાસમિતિની બેઠક યોજાશે. બપોરે ૩ થી ૫ માં મુંબઈ સામાન્ય જનજાગરણ સંપર્ક સભા ત્યાં યોજાશે. સાંજે ૫ થી ૬.૩૦ દરમ્યાન જ્ઞાતિના ૮ મા વસતીપત્રકની વેબસાઇટનું ઉદ્‌ઘાટન કરાશે. સાંજે ૭ થી રાત્રે ૧૦ કિશોર સોઠા અને પાર્ટીના સુરસંગીત સથવારે દાંડીયા રાસ રહેશે.

સવારે ૧૧ થી ૧૨ શેઠ નરશી નાથા મેડીકલ ટ્રસ્ટના ઉપક્રમે મેડીકલ સેમીનાર રહેશે. ૧૨ થી ૧ માં મુંબઈ મહાજનની એજ્યુસ્પાર્ક સમિતિ દ્વારા શૈક્ષણિક સેમીનાર, બપોરે ૨ થી ૪ માં વ્ય. સમિતિના મહિલા સભ્યો દ્વારા મહિલા ઉત્કર્ષ સેમીનાર.

## ડો. ઉપેન્દ્રકુમાર સુધાકર લાપસીયા

ડો. ઉપેન્દ્ર સુધાકર લાપસીયા (નલીયા-ભાવનગર) ND, ઘણી અસાધ્ય શારીરીક તકલીફોમાં રેકી, મેગ્નેટો, સુઝોક, કલર, સીશ, મેટલ થેરપી અને બાયોકેમીક મેડીસીન દ્વારા સારવાર કરે છે. ઘણાં જીર્ણ, તીવ્ર, અસાધ્ય રોગોમાં દર્દીઓને રાહત મળી છે. તેમના ચોક્કસ નિદાન, ટેકનીક અને નેચરોથેરપી સાધનનોથી અનુભવસિધ્ધ સારવાર ઘણાંને લાભદાયી થઈ છે.


જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત

**શ્રી નરશી જેઠાભાઈ દંડ પરિવાર**

(વરાડીયા-મલકાપુર)

**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**

**Asia's First ISO 9001:2000 Certified Gin Press**

હમણાં અમદાવાદના શ્રી મહેન્દ્ર રાજગુરૂને ક્રમશઃ વીઝન (નજર) ઓછી થઈ ગઈ. દેશ-વિદેશના ખ્યાતનામ ડોક્ટરોને બતાવ્યા અને સારવાર લીધા છતાં પરીણામ ન આવ્યું જે એમની ટ્રીટમેન્ટથી હવે આંખનું સુકાયેલું ઝરણું પાછું ઝળહળી વહેતું થયું છે. જે માણસ બીજાની મદદ સિવાય કંઈજ ન કરી શકે તે આજે સ્વયં ચાલતા-ફરતાં નવજીવન માણી શકે છે. માત્ર ૨૮ દિવસની સારવારથી બધું બરાબર જોઈ-વાંચી શકે છે. તેઓ અરીહંત સારવાર કેન્દ્ર નામે ક્લીનીક ચલાવે છે. સંપર્ક ફોન; ૦૯૪૨૬૨૫૫૩૦૫

### હૈદરાબાદ-કચ્છ રેલસેવા માટે નિવેદન

પ્રાણી મિત્ર રમેશ જાગીરદાર મેમો.ફાઉન્ડેશન દ્વારા દક્ષિણથી કચ્છ વધતી જતી અવરજવરને ધ્યાનમાં લઈ હૈદરાબાદ કચ્છ રેલસેવા માટે તેમના પદાધિકારીઓ અને સહમંત્રી શ્રી રિધ્ધિશ જાગીરદારે દક્ષિણ-મધ્ય રેલ્વેના મહાપ્રબંધક શ્રી આસ્થાનાને મળીને માંગ નિવેદન સોપ્યું હતું. કાચીગુડા રેલ્વે સ્ટેશને પધારેલ રેલ્વે અધિકારીને ભુજ-હૈદરાબાદ રેલ સેવા મળે તેવી માગણી કરી હતી. કચ્છનાં અહીં પાંચેક લાખ લોકો ધંધો રોજગાર કરે છે. અને આંધ્રપ્રદેશના ઘણાં લોકો કચ્છમાં- ધંધા-ઉદ્યોગોમાં છે તો આમજનતાના લાભાર્થે હૈદરાબાદ-કચ્છ સીધા રેલતંત્રથી જોડાય તેવી માંગ છે. આગામી રેલ બજેટમાં આ બાબતે વિચારણા થાય તેમ જનતા ઇચ્છે છે અને આ રેલ સેવાને જરૂરી પ્રતિસાદ મળી રહેશે તેવો અહેવાલ રજુ થયેલ.

### મુંબઈ મહાજનશ્રી દ્વારા ૬૯મો સમુહ લગ્નો

મુંબઈ મહાજનશ્રીના ઉપક્રમે તા.૧૬-૧૨-૧૨ના મુંબઈ-ભાંડુપમાં શેઠ નરશી નાથા સભાગૃહમાં ૬૯મો સમુહ લગ્ન શાનદારરીતે આનંદ ઉલ્લાસે સંપન્ન થયેલ. આ સમારોહમાં પાંચ નવયુગલો લગ્નગ્રંથીથી જોડાયા. મહાજનશ્રીની વ્ય. સમિતિ ટીમ અને સમુહલગ્ન સમિતિની પ્રશંસનીય જહેમતે અને સૌના સથવારે લગ્ન કાર્યક્રમ સફળતાપુર્વક સંપન્ન થયું. વિવિધ દાતાઓએ નવપરણિત યુગલોને વિવિધ ભેટ સોગાદ આપેલ. મહાજનશ્રીના પદાધિકારીઓ, જ્ઞાતિના અગ્રણીઓ, દાતાઓ, કાર્યકરો અને સગાસંબંધીઓએ નવપરણતોને આશિર્વાદ આપેલ. આ કાર્યક્રમમાં મહાજશ્રીએ સુંદર વ્યવસ્થા જાળવી હતી. અને સમુહલગ્નની વિધિને જ્ઞાતિજનોએ સારીરીતે માણી હતી.આ પ્રસંગે મહાજનશ્રી તરફથી અનુમોદનીય કન્યાદાન ઉપરાંત સામાજિક સુરક્ષા યોજના, મેડીક્લેમ વીમો વગેરે આપીને પ્રોત્સાહિત કરાયેલ. સમુહલગ્ન સમિતિના કન્વીનરો શ્રી મુકેશ લોડાયા અને રાહુલ ધુલ્લા તથા સમિતિ સભ્યોએ પ્રસંગની સફળતા માટે જહેમત લઈ યોગદાન આપેલ.

### શ્રી કુલપાકજી તીર્થયાત્રી સંઘ દ્વારા શિખરજી યાત્રા

શ્રી કુલપાકજી તીર્થયાત્રી સંઘ-કાચીગુડા, હૈદરાબાદના ઉપક્રમે Vision ૧૨-૧૨-૧૨ રૂપે શ્રી સમ્મેતશીખરજી મહાતીર્થ યાત્રાનું આયોજન તા.૮ થી તા.૧૮ ડિસેમ્બર દરમ્યાન સંપન્ન થયેલ. જેમાં અબાલવૃધ્ધ ૧૮૧ યાત્રાળુએ ભાગ લીધેલ. ૧૧ દિવસીય યાત્રાનો કાર્યક્રમ રૂ.૬૫૦૦/- ના નકરામાં સફળતાપૂર્વક પાર પાડેલ. સુંદર વ્યવસ્થા, સ્વરૂચી ગરમાગરમ ભોજન, વિનમ્ર હસમુખ સ્ટાફના સહયોગથી યાત્રીકો પ્રભાવીત થયા. યાત્રામાં હૈદરાબાદ, સિકંદરાબાદ, મુંબઈ, નાંદેડ, ઔરંગાબાદ, નિઝામાબાદ, બીદર, રાયચુર, કોલાર, અમદાવાદ, બેંગલોર આદિ સ્થળેથી યાત્રીકો જોડાયા. યાત્રા દરમ્યાન એક જ્ઞાતિ પરિવારનું વાતાવરણ સર્જાયું.

શ્રી કુલપાજી તીર્થ યાત્રાના કાયમી સંઘપતી માતુશ્રી દેવયાનીબેન કલ્યાણજી ગાલા (મોટા લાયજા) પરિવારના શ્રીમતી મમતાબેન તથા શ્રી ભૂપેન્દ્રભાઈ ગાલા પણ યાત્રામાં જોડાયા. સમ્મેતશીખરજી યાત્રામાં વધ-ઘટની ભરપાઈનો આશ્વાસન આપી શ્રી સંઘની અનુમોદના કરેલ. વિવિધ સ્થળે સંઘપૂજન થયેલ. દેવદ્રવ્ય, અનુકંપાદાન, સાધારણ ખાતું, જીવદયા ઇત્યાદી ફંડમાં સૌએ યથાશક્તિએ ફાળો નોંધાવેલ. સ્ટાફને બક્ષિસ અપાઈ. શ્રીમતી પૂનમબેન પ્રફુલ મોમાયા પરિવારે નાગપૂર આવતાં-જતા સંઘને આવકાર આપી યાત્રાળુઓને સંતરાની પ્રભાવના કરેલ. શ્રી ગોવિંદજી સોનીએ સ્નેહમિલન કાર્યક્રમનું સુંદર રીતે સંચાલન કરેલ. છેલ્લે યોજાયેલ સ્નેહમિલનમાં સૌએ આભારની લાગણી વ્યક્ત કરી સંઘની સુંદર વ્યવસ્થાની અનુમોદના કરી સંચાલક શ્રી હંસકુમાર સાયલાએ સૌનો આભાર માનતા કોઈને અસુવિધા થઈ હોય તો મિચ્છામિદુક્કડમ માગેલ.


શુભેચ્છા સહ....

**શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)**

**અંબા શીપીંગ એજન્સીઝ**

૪૦૧, રાજગોર ચેમ્બર્સ, ૯૯ મસ્જીદ સાઈડીંગ રોડ, મુંબઈ-૯.

શુભેચ્છા સહ....

**શીતલ કોટન ટ્રેડર્સ**

**શ્રી કાંતિલાલ ગાંગજી વોરા પરિવાર**

(રંગપુર-કોઈમ્બતુર)

## પૂ. મુનિ દેવરત્નસાગરજી

પૂ.આ.. આર્યરક્ષિતસૂરિ મ.સા.. દ્વારા અચલ (વિધિપક્ષ) ગચ્છ પ્રવર્તનના નવમ શતાબ્દિ વર્ષ અને પૂ.આ.. ગુણસાગરસૂરિ મ.ના જન્મ શતાબ્દિ વર્ષની સ્મૃતિમાં પૂ. મુનિ દેવરત્નસાગરજી આ.ઠા.દ્વારા સર્વે સંઘો માટે, પૂ. સાધુ-સાધ્વીજીઓ માટે અને શ્રાવક-શ્રાવિકાઓ માટે જ્ઞાનપૂજન યંત્ર, બેનર્સ અને પોકેટબુકની પ્રભાવના કરાઈ છે. સમસ્ત અચલગચ્છીય સંઘો માટે જ્ઞાનપૂજન માટે એક સ્ટીલનો સ્ટેન્ડ સાથે લેમીનેશન યંત્ર જ્ઞાનપુજાર્થે ભેટ મોકલાયા છે. ૨૦૦ જેટલા યંત્રોનો લાભ માતુશ્રી ઝવેરબાઈ ધનજી ધરમશી પરિવાર (સુથરી-બેંગલોર) હસ્તે : ઉમેશભાઈ તરફથી લેવાયેલ છે.

અચલગચ્છના તમામ સાધુ-સાધ્વીજીઓને સમુદાય ગ્રુપ દીઠ એક એક બેનર, જેમાં પૂ.આર્યરક્ષિત-ગુણ-ગુણોદય-કલાપ્રભસૂરિ આમ ૪ ગુરૂજનોના ફોટાઓવાળું ફોલ્ડીંગ બેનર છે. જે દરેક કાર્યક્રમે વાપરી શકાશે. સર્વત્ર ગચ્છ અને ગુરૂનો જયજયકાર થાય. ૧૨૫ બેનર્સનો લાભ : મીનલબેન મયુરભાઈ કુરવા (બેંગલોર-ગોધરા), સૌ. પિંકીબેનની અઠ્ઠાઈ નિમિત્તે, શ્રી જયંતભાઈ પ્રેમજી શિયાલ (જખૌ), હંસરાજભાઈ રવજી રાંભિયા-નાનાભાડિયાએ લીધેલ.

શ્રાવક-શ્રાવિકાઓ માટે : ૧) રાત્રે સૂતા પહેલાં ૧૦ મિનિટનું મીની પ્રતિક્રમણની પોકેટ બુક, ૨) પાપોને અલ્પવિરામ, (૧૪ નિયમ આદિ ૩૦૦ નિયમોની પોકેટ બુક) ભેટ અપાઈ છે. એ ૪૦૦૦ પુસ્તકોનો લાભ મહારાષ્ટ્ર , કર્ણાટકના ગુરૂભક્તો તરફથી લેવાયેલ છે. પુસ્તક પ્રાપ્તિસ્થાન : પિયુષભાઈ-ઘાટકોપર-09819277020, હસમુખભાઈ-બોરીવલી-07666434138

## લાલા તિર્થ જિનાલયની વર્ષગાંઠ-ધ્વજારોહણ

લાલાના શ્રી ચંદ્રપ્રભુજી જિનાલયની વર્ષગાંઠ ધ્વજારોહણ સંત ૨૦૬૯ના મહા સુદ-૫ શુક્રવાર તા.૧૫-૨-૧૩ વસંતપંચમીનાં શુભદિને છે. આ માંગલિક પ્રસંગે સર્વ લાલા ગામવાસીઓને પધારવા ટ્રસ્ટીગણ તરફથી હાર્દિક નિમંત્રણ છે.

## દેવલાલીમાં નવગ્રહ મંદિર

દેવલાલી સ્ટેશનથી ૫ કિ.મી.ના અંતરે શ્રી અન્ના ગણપતિ નવગ્રહ સિધ્ધમીઠમ મંદિર આવેલું છે. વાલદેવી નદીના કિનારે આવેલ આ મંદિર જોવાલાયક છે. વીટગાંવ થઈને ત્યાં જવાય છે. આ પ્રકારનું બીજું મંદિર માત્ર પોંડીચેરીમાં છે. દક્ષિણમાં ગ્રહો ગુરૂ, શુક્ર, શનિના મંદિરો છે. આ મંદિરે નવે નવ ગ્રહના દર્શન થઈ શકે. ચાર જણાં રીક્ષા કરી જાય તો રૂ ા.૧૦૦/૧૨૫ લે છે. આ મંદિરમાં ચામુંડેશ્વરી, દત્તાત્રય, કાર્તિકેય, સ્વામી સમર્થ અને કાળભૈરવની પ્રતિમાઓ છે.

શુભેચ્છા સહ...
શ્રી ઉત્તમચંદ કલ્યાણજી ખોના (કોઠારા)
UKKHIMJI & CO.
144, Vasant Market Yard, 4th Lane,
Sangli MH - 416 416 Tel. 2670910/2322057

## સામુદાયિક ૧૦૮ અઠ્ઠમતપ અભિયાન

પૂ.આ.શ્રી.. આર્યરક્ષિતસુરી દ્વારા અચલગચ્છ પ્રવર્તનની નવમી શતાબ્દિ અને પૂ.આ.શ્રી ગુણસાગરસૂરિની જન્મ શતાબ્દિ વર્ષ ઉજવણીરૂપે આદોની તીર્થે પ્રવચન પ્રભાવક પૂ. મુનિ શ્રી દેવરત્નસાગરજી મ.સા..ની પ્રેરણાએ સામુદાયિક ૧૦૮ અઠ્ઠમતપ આરાધના અભિયાન યોજાયેલ છે. પોષ દશમીના પાર્શ્વનાથ જન્મ-દીક્ષા કલ્યાણકની ઉજવણી થશે..

## કુ. ઉર્વીબેન વિપુલ ડાઘા સંયમપંથે

અચલગચ્છધિપતિ પૂ.આ.શ્રી ગુણોદયસાગરસુરીજી આ.ઠા.ની નિશ્રામાં ૪૫ દિવસીય ભુજ શંખેશ્વર સિધ્ધિચલ છ'રીપાલિત સંઘ પાલીતાણા પહોંચશે ત્યારે તીર્થની પાવન ભૂમિમાં પૂ. ગુરૂભગવંતોની નિશ્રામાં સકલ સંઘની ઉપસ્થિતિમાં કુ. ઉર્વીબેન વિપુલ ગુલાબચંદ ડાઘા (ગોએરસમા-અમલનેર) ભાગવતી દીક્ષા અંગીકાર કરી સંયમપંથે પ્રસ્થાન કરશે.. આ છ'રીપાલિત સંઘમાં ઘણાં જ્ઞાતિ પરિવારોએ સંઘપતિ લાભ લઈ ગચ્છ અને ગુરૂભક્તિનો મહિમા અજવાળ્યો છે તેની અનુમોદના..

ખુશખબર!! ખુશખબર!! ખુશખબર!!
સમાજની મહિલાઓ માટે ખુશખબર
શું
• તમને કોમ્પ્યુટરનું બેઝિક જ્ઞાન નથી
તમે તમારા બાળકોને એમના સ્કૂલના પ્રોજેક્ટસ્‌માં મદદ કરવા માંગો છો
તમે ઈંટરનેટ અને ફેસબૂક શીખીને આખી દુનિયા સાથે જોડાવા માંગો છો
તમે તમારા કૌટુંબિક વ્યવસાયમાં મદદરૂપ થવા માંગો છો
તમે ઘરે બેસીને પૈસા કમાવવા માંગો છો
?
હા
તો તમારી બધી જ સમસ્યાના ઉકેલ સ્વરૂપે,
edu tech
Where Expectation Meets Satisfaction
EDU-TECH COMPUTERS
WHERE EXPECTATION MEETS SATISFACTION
લાવી રહ્યું છે
Housewife Computer Course
Just In Rs.2100/- Only
(Under Special 30% Discount Offer)
- Intro To Computer
- Ms-Word (Customized Level)
- Ms-Excel (Customized Level)
- Ms-PowerPoint
- Internet
- Multimedia
- Adobe Photoshop (Op. Level)

Offer Valid Till 31st January 2013


Duration : 2 Months

For More Details Visit Personally Or Call Now
17-A, Monani Sadan,
Opp. Hotel Gaurav, J. N. Road,
Mulund (West), Mumbai - 400 080.
E-Mail : jigna.edutech@gmail.com
9920993006
022 - 32994434

## નવા/બદલાયેલા સરનામા-ફોન નંબર (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **જવેરચંદ લાલજી લોડાયા** | ૩૦૬બી, નેપચ્યુન બીલ્ડીંગ, ૯, પરેરા કોમ્પ્લેક્સ, ફુલપાડા રોડ, વિરાર (ઈ)-૪૦૧૩૦૩ ફોન: 9860040717 |
| **ભુપેન્દ્ર લક્ષ્મીચંદ ડાઘા** | એ-૬,આનંદીદપ બીલ્ડીંગ.૩, પેંડસેનગર રોડ નં.૨, નહેરૂ મેદાન પાછળ, ડોંબિવલી (ઈ) 9819883522/9619045688 |
| **લહેરચંદ વેલજી લોડાયા** | પ્લોટ ૭-૮/બી સર્વે નં.૨, મહાવીર નગર, અંતરજાળ, આદીપુર-૩૭૦૨૦૫ ફોન: ૯૯૭૯૯૬૫૨૬૮૯ |
| **રાજેશ રામજી નાગડા** | ઈ-૧૦૨, હીરામાણેક, શુભમ વિસ્ટા, વાસણા-ભાઈલી રોડ, વડોદરા-૩૯૧૪૧૦. ફોન:૦૯૮૯૮૨૭૪૩૪૫ |

## જીવનચક્ર (જીવનચક્ર માટેની વિગત છપાય છે તે પદ્ધતી અનુસાર વ.પ.કુ.નં. સાથે જ મોકલવી)

### જન્મ (બાળકનું નામ નાખ્યા બાદ જન્મનોંધ મોકલો.)

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૮-૧૨-૧૨ | કોપરખૈરણે | KULO020301 | પાર્થ-જિલ્સ રાયચંદ લોડાયા | કુવાપધર | પુત્ર |
| ૯-૧૧-૧૨ | થાણા | SULO070602 | માલવીકા-ધવલ હરીશ લોડાયા | સુથરી | કન્યા |
| ૧૧-૧૦-૧૨ | USA | TRLO110503 | આદિ-નિલમકુમાર લક્ષ્મીચંદ લોડાયા | તેરા | પુત્ર |

### સગપણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૧-૧૧-૧૨ | સેંધવા | BRMO060303 | મયંક તરુણ ચીમનલાલ મોમાયા | બારોઈ | ૨૪ |
| | ભુજ | TRLO160605 | ડો. પીંકલ રમેશ દામજી લોડાયા | તેરા | ૨૪ |
| ૪-૧૨-૧૨ | ડોંબીવલી | DAJL040904 | રીતેશ કાંતિલાલ વિરજી શિયાલ | દલતુંગી | ૨૮ |
| | ડોંબિવલી | DALO0101203 | બીનલ કમલેશ શામજી લોડાયા | દલતુંગી | ૨૩ |
| ૨૦-૧૨-૧૨ | ડોંબિવલી | RPLO030803 | જતિન પદમશી મેઘજી લોડાયા | રાપર | ૨૭ |
| | ઔરંગાબાદ | GDKR050503 | સોનલ દિપક વિરચંદ કુરવા | ગોધરા | ૨૫ |
| ૨૧-૧-૧૨ | વડાલા | KRDH0140804 | હાર્દિક પરેશ દામજી ધરમશી | કોઠારા | ૨૫ |
| | મુલુંડ | JKMU040304 | યામિની શશિકાંત ઉમરશી મુનવર (જીવાણી) | જખૌ | ૨૨ |

### આંતરજ્ઞાતિય સગપણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૪-૧૨-૧૨ | વિઠ્ઠલવાડી | GODH05 | પ્રકાશ કાંતિલાલ ધરમશી | ગોરખડી | ૩૧ |
| | | A | મીના દેવેન્દ્ર ગોસ્વામી | અબડાસા | ૨૯ |
| ૧૬-૧૨-૧૨ | નવી દિલ્હી | A | લોકેશ મહીપાલ ડી. સિંઘ | અલીગઢ | ૨૬ |
| | મુલુન્ડ | VRDA040503 | મહેક મહેશ રામજી ડાઘા | વરાડીયા | ૨૫ |

### લગ્ન

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૭-૧૨-૧૨ | ઘાટકોપર | DUPL020703 | વિમલ પદમકુમાર ઠાકરશી પોલડીયા | ડુમરા | ૨૭ |
| | ડોંબિવલી | PRLO010303 | ચાર્મી જગદીશ રતીલાલ લોડાયા | પરજાઉ | ૨૫ |
| ૨૭-૧૨-૧૨ | મુલુન્ડ | TRMT | અંજુલ કિશોર કેશવજી મોતા | તેરા | ૩૦ |
| | મુલુન્ડ | SMLO040504 | રેશ્મા(અવની) ચીમનલાલ લઘુભાઈ લોડાયા | મોટીસિંધોડી | ૨૯ |
| ૩૦-૧૧-૧૨ | સાંગલી | KRKN08081 | કૌશલ ઉત્તમ કલ્યાણજી ખોના | કોઠારા | ૩૫ |
| | નાંદેડ | KBLO081203 | ભાવિકા કીર્તિ વીશનજી લોડાયા | મોટીખાવડી | ૨૮ |

### આંતરજ્ઞાતિય લગ્ન

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૯-૧૨-૧૨ | કોપલ | NLNG111003 | ભાવેશ રમેશચંદ જયચંદ નાગડા | નલીયા | ૨૮ |
| | રેણીગુંટા | A | વિદ્યાશ્રી બી. વેંકટેશ | | ૨૧ |

### મરણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૦-૧૨-૧૨ | હુબલી | MJDD100101 | ગુણવંતીબાઈ વેલજી કાનજી દંડ | મંજલ | ૮૬ |
| ૨૨-૧૨-૧૨ | ડોંબિવલી | GOKN040801 | દેવચંદ રતનશી વર્ધમાન ખોના | ગોરખડી | ૮૦ |
| ૨૩-૧૨-૧૨ | અહમદનગર | SALO010101 | લક્ષ્મીબાઈ વેલજી ડુંગરશી લોડાયા | સાંધાણ | ૭૭ |

# ભાવભીની શ્રદ્ધાંજલિ

**ઉસકો નહિ દેખા હમને કભી, પર ઉસકી જરુરત ક્યા હોગી ?**
**અય મા, તેરી સુરત સેં અલગ, ભગવાન કી સુરત ક્યા હોગી !**



જન્મ
૬ જૂલાઈ ૧૯૪૬

અરિહંતશરણ
૧૮ ડિસેમ્બર ૨૦૧૨

## સ્વ. માતૃશ્રી પુષ્પાબેન શાંતિલાલ દંડ

(સ્વર્ગીય શ્રી શાંતિલાલ લાલજી દંડના ધર્મપત્ની)

દલતુંગી - વડાલા (મુંબઈ)

**-: શોકાતુર :-**

શા. લાલજી ગોવિંદજી દંડ પરિવાર (ચાલીસગામ/મુંબઈ)

શા. જેતશી ખીંયશી ધુલ્લા પરિવાર (હૈદરાબાદ)

**સૌજન્ય : શાંતિલાલ દંડ એન્ડ કાું (સ્થાપના : ૧૯૮૦)**

C. D. O. Prakash Samiksha R.N.I. No.MAHGUJ/1998/04640
Postal Regd. No.MH/MR/East/53/2012-14
Posting : Monday / Tuesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-400 001.

acbl
Estd 1984

# ARIHANT BANK

## SHRI ARIHANT CO-OP. BANK LTD.

Head Office : GB 10A & B, Karma Stambh, L.B.S.Marg, Vikhroli (W), Mumbai- 400 083.
Tel.:2579 9326 Fax :2579 9323 Email : acblho@arihantbank.com

# અરિહંત બેંક પ્રગતિના પંથે...

## બેંકના માનવંતા ગ્રાહકો માટે વધુ સેવાઓ :-

I) **Forex Business (ફોરેક્સ) :** ટ્રાવેલ કાર્ડ, ફોરેન ડિમાન્ડ ડ્રાફ્ટ તથા ફંડ ટ્રાન્સફર સુવિધા

ii) **Gold Loan : સોનાના દાગિના સામે ધિરાણ**
રૂ. ૧ લાખ થી રૂ.૨૦ લાખ સુધીની લોન ફક્ત ૧૩%ના વાર્ષિક દરે અને સરળ હપ્તામાં...

iii) **PAN Card Agency :** બેંકની બધી શાખાઓમાં રૂ.૯૬/-ના સામાન્ય ચાર્જથી
PAN Card ઉપલબ્ધ

iv) **General Insurance Business :** યુનાઈટેડ ઈંડિયા જનરલ ઈન્સુરન્સ કંપનીના સહકાર્યથી
બેંક દ્વારા ગ્રાહકો માટે જનરલ ઈન્સુરન્સ વિમા સુરક્ષા.

**ટુંક સમયમાં બેંક તરફથી Mediclaim Policy, ATM Facilityની શરૂઆત.
વધુ ત્વરિત RTGS / NEFT સેવા આપવા બેંકે પોતાનો
સ્વતંત્ર IFSC Code મેળવેલ છે.**

**આપની નજીકની શાખાનો સંપર્ક કરો**

**Branches :**

| | | |
|---|---|---|
| Bhandup - 25954422 | Chichbunder - 23478134 | APMC Vashi 27849430 |
| Mulund - 25647157 | Mohili Village - 25023778 | Thane - 27849430 |
| Ghatkopar - 25015820 | Dombivli - 0251-2445534 | |

To,

If undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA**, C/o. Shri. R.R. Nagda, 29/41 Tamarind Lane, Rajabahadur Compound, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by **JAYANT V. CHHEDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA SAMITI** and Printed at SUMANGAL ARTECH, Plot No.G-8, Cross Road, 'A' M.I.D.C. Andheri (East), Mumbai - 400 093 and Published from 115, Tirupati Industrial Estate, Subhash Nagar, Village Road, Bhandup (West), Mumbai-400 078.
Editor : **Raichand R. Nagda**